# સહજ-સત્સંગ

Year : 3 Issue : 28 Dt. 01-05-2015 Page - 52 માસિક



# કીર્તનમ્



# મા મીરાંબિકા

Each being carries in himself the Lord his obsolute.
We have only to become what we are in the
depth of our being. (18 May 1954) and in the silence of their
soul we can hear the echo ot the Divine's voice (13 May 1954)

- The Mother

## જીવનનું ધ્યેય

દરેક અંતરતમ ધારણ કરે, પરમપ્રભુને પણ અજાણ,
પરમ-પ્રભુ રૂપ બની રહેવું, બની સદાસભાન,
નિઃશબ્દ એકાંત તે શ્રુણે, પ્રભુનો મરમર અવાજ,
તેને અનુસરતા જવું, એ છે દિવ્યજીવનની શરૂઆત.

## પ્રાર્થનાઓ અને ધ્યાન

- શ્રી માતાજી

# પ્રભુ માટેના સંગ્રામની પદ્ધતિ

(તા.૧૭.૦૧.૧૯૧૫. પૃ.૨૧૦)



તારો એમ સંકલ્પ થયો છે કે હું તારી જે એક શાંત અને ચિંતનપ્રધાન સેવક છું તે હવે એક સક્રિય અને સિદ્ધિ - સર્જક સેવક બની રહું..... આ આનંદમય શરણાગતિની સ્થિતિ છે, તે હવે બદલાઈને એક આનંદમય સંગ્રામની સ્થિતિ બની રહે.

જગતમાં જે જે તત્ત્વો તારા શાસનનો વિરોધ કરી રહ્યાં છે તેમની સાથે સીધા સંગ્રામમાં ન ઊતરતા, હું દરેક પરિસ્થિતિમાં જે કાંઈ ઉત્તમ તત્ત્વ હોય તે મારું કરી લઉં. જગતને મારો સંપર્ક આપું. મારું દૃષ્ટાંત આપું.

જો એમ દેખાઈ આવશે કે તારા જીવન સર્જક મહાકાર્યમાં એક મધ્યગામી વ્યક્તિ બનવાની મારી પાત્રતા છે તો પછી તું (મારા માટે) કાર્યના ક્ષેત્રનો વિસ્તાર કરશે.

હું જો હંમેશાં ઉત્તમોત્તમ રીતે (મારું કાર્ય) પાર પાડીશ તો તું પૃથ્વી ઉપર આવીને હાજર થશે અને તે વખતે આખીયે પૃથ્વી તારી સામે વિરોધમાં ખડી થઈ જશે, પરંતુ તું એ પૃથ્વીને તારી ભુજાઓમાં ઊઠાવી લેશે અને એ પૃથ્વી રૂપાંતર પ્રાપ્ત કરશે.

# અનુક્રમણિકા


| શીર્ષક | પૃષ્ઠ | શીર્ષક | પૃષ્ઠ |
|---|---|---|---|
| **પ્રાર્થનાઓ અને ધ્યાન** | | **યોગ પર દીપ્તિઓ** | |
| (પ્રભુ માટેના સંગ્રામની પદ્ધતિ) | ૩ | (આંતર ચેતના) | ૩૩ |
| **પ્રાર્થના છે, અંતરનો પોકાર** | ૬ | **સાંજના વાર્તાલાપો** | |
| **દિવ્યજીવન** (વિશ્વસર્જનનો હેતુ) | ૯ | (આપણાં યોગ વિષે ગેરસમજો) | ૩૬ |
| માતૃવાણી | | **વેદવિજ્ઞાન** (ગૌણ દેવતાઓ) | ૩૯ |
| (ભાગવત-દૃષ્ટિથી જગત વિષેની સમજણ - ૩) | ૧૩ | **ધ મધર્સ એજન્ડા** | |
| સાવિત્રી (જીવન-ઉદ્દેશની ગૂઢતા) | ૧૬ | (જીવનનાં પ્રશ્નોનું નિરાકરણ) | ૪૨ |
| યોગ વિષે પત્રો (આંતર - ચેતનાનું કાર્ય) | ૨૦ | **યોગનાં મૂળતત્ત્વો** (વિભાગ - ૨) | ૪૪ |
| શ્રી ભગવત્યારાધના | ૨૩ | **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો** | |
| ઉપનિષદો (અતિમનસની આવશ્યકતા) | ૨૪ | (અનુભૂતિઓનાં આંશિક સત્યો (૯૬-૯૭) | ૪૬ |
| વેદ-રહસ્ય (વરુણ અને મિત્રનું સ્વરૂપ) | ૨૭ | **જાતક કથાઓ** (ચેતતાં નર સદા સુખી) | ૪૭ |
| શ્રી અરવિન્દ : પોતા વિષે | | દિવ્ય - જીવન | ૪૮ |
| (શ્રી અરવિન્દનો બાહ્ય અને આંતરિક સંબંધ) | ૩૦ | કવરપેજ ૧ ઉપરની સમજૂતી કવરપેજ ૪ ઉપર | |



મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર ટ્રસ્ટ સંચાલિત, મા શ્રી અરવિન્દ સાધના કેન્દ્ર, રાજકોટનું
શ્રી અરવિન્દ અને શ્રી માતાજીનાં યોગદર્શનની સાદી સરળ ભાષામાં સમજણ આપતું ગુજરાતી ભાષાનું લોકપ્રિય સામયિક

**સહજ-સત્સંગ**

અંક : ૨૮ વર્ષ : ૩

મે - ૨૦૧૫

સંસ્થાપક અને આદ્યતંત્રી : **સ્વ. ભૂપેન્દ્રભાઈ ત્રિવેદી**

**: સહજ સત્સંગ કાર્યાલય :**

અર્પણ, ૨૫૯, વૃંદાવન સોસાયટી, કાલાવડ રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫

તંત્રી : **માનસિંહભાઈ ચાવડા મો. ૯૮૨૪૩૭૩૯૨૯**

૭, સાંનિધ્ય બંગ્લોઝ, રઘુનંદન પાર્ક, ઈન્કમટેક્સ ઑફિસ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ (પશ્ચિમ), રાજકોટ - ૧

સંપાદન સહાયક મંડળ :
**હર્ષદભાઈ ઠકરાર, લલિતભાઈ ઉપાધ્યાય, કમલેશભાઈ માંડવિયા, તેજસ વસા**

સંપર્ક માટે : **શ્રી હર્ષદભાઈ ઠકરાર - મો : ૦૯૪૨૭૨ ૨૨૪૧૫**

**અર્પણ (દાન) 80G નીચે ઈન્કમટેક્ષ - રાહતને પાત્ર છે.**
**એન. આર.આઈ. ગ્રાહકો ભારતીય - ચલણનો રાજકોટમાં જ ચૂકવાય તેવો ડ્રાફ્ટ/ ચેક મોકલાવે.**
કૃપયા મનીઓર્ડર નહિં પરંતુ રાજકોટમાં વસૂલ થાય તેવાં ચેક, ડ્રાફ્ટ,
**'મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ - રાજકોટ'**ના નામે રાજકોટમાં જ ચૂકવાય તેવો મોકલશો.
આપનું નામ, સરનામું, જૂનો ગ્રાહક નં. અથવા નવા ગ્રાહક તરીકેનો અચૂક ઉલ્લેખ કરશો.



લેખકોના મંતવ્યો તેમનાં પોતાનાં છે. કાયદાકીય વિવાદનું ન્યાયક્ષેત્ર રાજકોટ ન્યાયાલય રહેશે.
(આ અંકમાંના શ્રી માતાજી - શ્રી અરવિન્દનાં મૂળ લખાણો તથા તસ્વીરો શ્રી અરવિન્દ આશ્રમ - પોંડિચેરીના તેમજ એજેંડા પરના મૂળ લખાણો મીરાં અદિતિ સેન્ટર - મૈસુરના કોપીરાઈટ છે.

# પ્રભુ માટેના સંગ્રામની પદ્ધતિ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

માતાજી જણાવે છે કે પ્રભુ હવે એવું ઇચ્છે છે કે માતાજી ચિંતનમાં મગ્ન રહી હવે નિષ્ક્રિય જીવન ન જીવે. તેને બદલે સક્રિય સેવક બની પ્રભુનાં કાર્યમાં જોડાઈ જાય. અત્યાર સુધીની આનંદમય શરણાગતિની કેવળ અવસ્થા ત્યાગે અને એ જ આનંદમયતાથી પ્રભુનાં કાર્યની સિદ્ધિ માટે સંગ્રામ ખેલે.

પણ સંગ્રામ ખેલે એટલે યુદ્ધખોર બને એવું પ્રભુનું કહેવું નથી. પણ જે તત્ત્વો અથવા લોકો પ્રભુ વિરોધી વર્તતા હોય તેમને દરેક પરિસ્થિતિમાં ઉત્તમમાં ઉત્તમ ચેતનામાં રહીને ઉત્તમમાં ઉત્તમ પોતે કામ કરી બતાડે અને અન્યોને પ્રેરણાત્મક વાસ્તવિક દાખલો આપે. દૃષ્ટાંત રૂપ બની રહે. આ રીતે વાણીથી યુદ્ધ કરવાનું નથી પણ આચરણ દ્વારા પ્રભુનાં પક્ષે રહેવાનું છે.

માતાજી જણાવે છે કે જો આ રીતે યશસ્વી રીતે કાર્ય કરીને લોકોમાં પરિવર્તન લાવી તેમને પ્રભુ પાસે લઈ આવવા માતાજી સક્ષમ પૂરવાર થાય તો પ્રભુ માતાજીને કાર્ય કરવાનું આથી પણ વિશાળ અને જટીલ કાર્યક્ષેત્ર આપશે.

આ રીતે જ્યારે પૃથ્વીનાં માનવોમાં કાર્ય ચાલતું હશે ત્યારે એક દિવસ પ્રભુ પોતે પોતાનું જ કાર્ય કરવા પૃથ્વી ઉપર પધારશે અને માતાજીને જે વર્તનની રીત બતાડી તે મુજબ જ પ્રભુ પૃથ્વીને પોતાના બાહુઓમાં ઉપાડી લેશે અને તેથી જે પ્રક્રિયા પૃથ્વીમાં થશે તેને કારણે પૃથ્વીનું પણ રૂપાંતર થઈ જશે.

# પ્રાર્થના છે, અંતરનો પોકાર

- જ્યોતિબેન થાનકી

આ ઉપરાંત સામૂહિક પ્રાર્થનાની શક્તિ તો ઘણી પ્રચંડ છે. જે શાળાઓમાં સામૂહિક પ્રાર્થના થતી હોય, તે શાળાનું વાતાવરણ પવિત્ર બની જાય છે. સેંકડો બાળકોનાં હૃદયમાંથી ગવાતા પ્રાર્થનાના સૂરોથી આંદોલિત વાતાવરણ દૈવીભાવોથી સભર બની જય છે. જે શાળા અને કોલેજોમાં પ્રાર્થનાર્થી શરૂઆત થતી હોય છે, એ શાળાનાં વિદ્યાર્થીઓમાં પણ એક પ્રકારની શિસ્ત અને સ્વસ્થતા જોવા મળે છે. આથી જ હવે ઘણી શાળાઓમાં પ્રાર્થના ફરજિયાત હોય છે. હવે તો ઘણી ફેકટરીઓમાં પણ કાર્યની શરૂઆત કરતાં પહેલાં સામૂહિક પ્રાર્થના યોજવામાં આવે છે. તેનાથી કર્મચારીઓ અને અધિકારીઓ વચ્ચેનાં સંબંધો નિખાલસ અને સહકાર ભર્યા રહે છે. ઘણાં પરિવારોમાં પણ દરરોજ સાંજે કુટુંબના સભ્યો ભેગાં થઈને સમૂહ પ્રાર્થના નિયમિત કરે છે. આવા પરિવારમાં સુખ, શાંતિ, સંવાદિતા જોવા મળે છે. પ્રાર્થનાથી પારિવારીક એકતા વધે છે. આવા કુટુંબના બાળકો સુસંસ્કારી અને વિનયી હોય છે. નાનપણથી જ બાળકમાં પ્રાર્થનાની ટેવ પડે છે, તે પ્રાર્થનાના પ્રભાવ હેઠળ ઉછરે છે એટલે મોટા થતાં પણ પ્રાર્થના એ એનાં જીવનનો એક ભાગ બની જવાથી, જીવનની વિષમતાઓ અને પ્રલોભનો સામે અડગ રહી શકે છે. ઇટાલીને સ્વતંત્ર કરાવનાર અને એક છત્ર નીચે લાવનાર મહાન દેશભક્ત ગેરિબાલ્ડીની માતા રોઝા ઈશ્વરપરાયણ હતી. તેણે પોતાનાં પુત્રમાં ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાને નાનપણથી જ જાગૃત કરી હતી. ભારે સંકટ વચ્ચે પણ સ્વસ્થતા ન ગુમાવનાર ગેરિબાલ્ડીને એના સાથીદારોએ પૂછ્યું કે ''ચારે બાજુથી ગોળીઓનો વરસાદ વરસી રહ્યો હોય, છતાં તમે આટલાં સ્વસ્થ કેમ રહી શકો છો ?'' ત્યારે એણે

કહ્યું, ''મારાં મછવાની ચારે બાજુએ ગોળીઓનો ભીષણ અવાજ થઈ રહ્યો હોય, ગોળીઓ મારા કાન પાસેથી સનનન કરતી પસાર થતી રહેતી હોય, તોપનાં ગોળા પથ્થરનાં વરસાદ પેઠે મારી ચારેબાજુ આવી પડતાં હોય, તે સમયે મારી આંખ આગળ એક અલૌકિક દૃશ્ય ખડું થાય છે, મારી માતા પોતાનાં પ્રાણપ્યારા પુત્રનું રક્ષણ કરવા ઈશ્વરની પ્રાર્થનામાં મગ્ન બનીને પુત્રના પ્રાણની ભિક્ષા માંગી રહી છે અને આ દૃશ્ય જ મને નિર્ભયતા અને સ્વસ્થતા બક્ષે છે. મને દૃઢ વિશ્વાસ છે કે જે ક્ષણે મારી માતા મારી પ્રાણરક્ષા માટે ઈશ્વરની પ્રાર્થનામાં નિમગ્ન બનશે એ ક્ષણોમાં મારો કોઈ વાળ પણ વાંકો કરી શકશે નહીં. મારાં જીવનને કોઈ પ્રકારનો ભય રહેશે નહીં.'' આમ માતાની પ્રાર્થનાએ તોપનાં ગોળાઓની વચ્ચે પણ પુત્રની રક્ષા કરી અને એથી જ છિન્નભિન્ન ઈટાલી એક બની શક્યું !

કોઈ મનુષ્ય બીજાને માટે પ્રાર્થના કરે તો પણ એનો પ્રભાવ પડે જ છે. આવી પ્રાર્થનાથી જેને માટે પ્રાર્થના કરી હોય તેને પણ વિશેષ લાભ થાય છે. તેનું મન તો શાંત થાય છે. પણ અન્યને માટે પ્રાર્થના કરવાનું કહ્યું છે કે ''સર્વ સુખી થાઓ, સર્વ નીરોગી રહો, સર્વનું કલ્યાણ થાઓ, કોઈ દુઃખી ન હો.'' આવી વિશ્વકલ્યાણની ભાવનાથી વ્યક્તિની પોતાની ચેતના પણ વિશાળ બને છે. સ્વામી વિવેકાનંદ કહે છે કે, ''સમસ્ત વિશ્વના કલ્યાણ માટેની પ્રાર્થના તમે જેમ જેમ વધારે ને વધારે કરશો તેમ તમને પોતાને જ વધારે ફાયદો થશે. આખરે તમને જણાશે કે પોતાને તંદુરસ્ત બનાવવાનો સહેલામાં સહેલો રસ્તો બીજાઓ નીરોગી રહે એવી ભાવના સેવવાનો છે, અને પોતાને સુખી કરવાનો સહેલામાં સહેલો રસ્તો બીજાઓ સુખી થાય એ જોવાનો છે. ઈશ્વરને નિઃસ્વાર્થ ભાવે પ્રાર્થના કરવાથી મન શુદ્ધ બને છે. વિશાળ બને છે. આવું મન સહેલાઈથી ભગવદ્ભાવ ગ્રહણ કરી શકે છે.

આમ ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવાં, તેમની પાસેથી દિવ્ય વસ્તુઓ પ્રાપ્ત કરવા, સમસ્યાઓનું નિરાકરણ મેળવવા, માનસિક શાંતિ પ્રાપ્ત કરવા, ઉત્તમ આરોગ્ય મેળવવા, તેમ જ સમગ્ર વિશ્વના કલ્યાણ દ્વારા પોતાની ચેતનાનો વિકાસ કરવા માટે પ્રાર્થના જેવું અસરકારક અને સચોટ સાધન બીજું એકે ય નથી.

**પ્રાર્થનામાં પ્રભુ પાસે શું માંગવું જોઈએ ?**

મોટેભાગે જ્યારે ભગવાન પાસેથી કંઈ મેળવવાનું હોય ત્યારે માણસો પ્રાર્થના કરતાં હોય છે. પુત્ર માટે, ધન સંપત્તિ માટે, નોકરી માટે, બઢતી માટે, પરીક્ષામાં પાસ થવા માટે કે મનપસંદ શાખામાં પ્રવેશ મેળવવા માટે, મનુષ્યો, વિદ્યાર્થીઓ ભગવાનને પ્રાર્થના કરતાં હોય છે. તો કેટલાંક લોકો મોક્ષ માટે, આ લોકમાં નહીં પણ પરલોકમાં સુખ પ્રાપ્ત કરવાં માટે પણ પ્રાર્થના કરતાં હોય છે. એમ મોટા ભાગના લોકો એક યા બીજી રીતે માગણી કરવા પ્રાર્થના કરતા હોય છે. પ્રશ્ન એ થાય છે કે આવી બધી માગણીઓ ભરી પ્રાર્થના એ સ્વાર્થી પ્રાર્થના ન કહેવાય ? આવી બધી પ્રાર્થનાઓ સ્વાર્થી પ્રાર્થના જ છે. આવી પ્રાર્થના શ્રેષ્ઠ પ્રાર્થના ન ગણાય. શ્રેષ્ઠ પ્રાર્થનામાં તો ભગવાન પાસે શરણાગતિ સ્વીકારીને એમને જે યોગ્ય લાગે તે કરવાં માટે પ્રાર્થના કરવી. જેમાં કશી જ માગણી ન હોય. જો માગણી કરી હોય તો તેમની કૃપા મળે, ભક્તિ મળે એવી માગણી ભરી પ્રાર્થના શ્રેષ્ઠ પ્રાર્થના છે. પણ આવી સ્થિતિ તો ચેતનાની ઊંચી ભૂમિકાએ પહોંચ્યા પછી પ્રાપ્ત થાય છે. પણ આપણે તો સંસારની વચ્ચે, અનેક વિટંબણાઓ પાર કરતાં ભગવાનની આરાધના કરતા હોઈએ, ત્યારે એ વિટંબણાઓ પાર કરતાં - કરતાં ભગવાનની આરાધના કરતાં હોઈએ, ત્યારે એ વિટંબણાઓ દૂર કરવા, કે આપણે કંઈ પણ જોઈતું હોયએ માટે ભગવાનને પ્રાર્થના કરવી શું અયોગ્ય ગણાય ? ભગવાન સમક્ષ તો બધું જ રજૂ કરી શકાય છે, એમાં કંઈ જ અયોગ્ય હોતું નથી. એ તો સમગ્ર બ્રહ્માંડનો સર્જનહાર છે. તેથી તેની આગળ ન માંગીએ તો કોની આગળ માંગવું ? આથી જે કાંઈ જોઈતું હોય તે પૂરી શ્રદ્ધાથી એની આગળ માંગી શકાય. ભલેને પછી સાવ સામાન્ય ભૌતિક વસ્તુ કેમ ન હોય ! જેમ બાળક પોતાનાં પિતા પાસે તેને જે જોઈએ તે માંગે છે, એમ જ આ પરમપિતા પાસે બધું જ માંગી શકાય. એમની પાસે માંગવાથી, સૌ પ્રથમ તો એમની સાથેનો અદૃશ્ય સંપર્ક સધાય છે, અને એ જ બાબત મહત્ત્વની છે. આ અદૃશ્ય સંપર્ક સધાતાં મનમાં જો શ્રદ્ધા હોય તો મનમાં એક જાતની શાંતિ

(અનુ.પૃ.૧૨ ઉપર)

## દિવ્ય-જીવન
- શ્રી અરવિન્દ

# વિશ્વસર્જનનો હેતુ

પ્રકરણ - ૧૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(ક્રમશઃ)

બીજો આનંદનો પ્રકાર, સર્વસામાન્ય માણસો માને છે તેવો હોય છે. તેઓ એમ માને છે કે આનંદ કોઈ બહારની વસ્તુમાંથી મળે છે. કોઈ લાભ મળવાથી, કોઈ ઈચ્છાપૂર્ણ થવાથી, કોઈ માનસન્માન મળવાથી અથવા આવા બાહ્ય કારણોથી પણ આનંદ પ્રાપ્ત થાય છે. પણ વેદાંતીઓ જણાવે છે કે આ તો ખરેખર ભ્રમ હોય છે. વાસ્તવિકતા એ છે કે કોઈ બાહ્ય વસ્તુ કે પરિસ્થિતિને કારણે આપણું મન શાંત અને એકાગ્ર થઈ જાય છે. તેથી આપણી ભીતરમાં રહેલ આનંદ પ્રકટ થવાં માંડે છે. ત્યારે આપણને ભ્રમ થાય છે કે જાણે કોઈ બાહ્ય વસ્તુને લીધે આનંદ મળી રહ્યો છે. પણ બાહ્ય વસ્તુ તો ફક્ત નિમિત્ત બને છે. આંતરિક આનંદને પ્રકટ કરવાં માટેની પરિસ્થિતિ સર્જે છે. આનંદ તો અંદર જ હોય છે. તે પ્રકટ થઈને બહાર આવે છે. વેદાંતીઓ એક દાખલો આપે છે. ભૂખ્યો કૂતરો હાડકાંના કટકાને ચાવતો હોય છે. હાડકાંમાં કોઈ રસ નથી. પણ આને કારણે કૂતરાનાં દાંતમાંથી લોહી નીકળે છે. તેનો સ્વાદ કૂતરો ચાખે છે અને એવું માને છે કે તેને હાડકાનો સ્વાદ આવી રહ્યો છે. એ તેનો ભ્રમ હોય છે. એ તો તેના પોતાનાં જ લોહીનો સ્વાદ હોય છે.

તેથી એક વાત તો સ્પષ્ટ થાય છે કે આનંદ માનનાર એવું માને છે કે તેને બાહ્ય વસ્તુમાંથી આનંદ મળી રહ્યો છે છતાં દરેક આનંદ એ નિજાનંદનો જ આવિર્ભાવ હોય છે અને તેથી આનંદનો બાહ્ય કે આંતરિક આનંદ એવો તફાવત શક્ય નથી. આનંદ હમેંશા આંતરિક સ્વરૂપનો જ હોય છે. તે આપણાં સ્વરૂપનો

જ કાયમી ભાગ છે. કાયમી અંશ છે. કાયમી ગુણ છે.

આ રીતે જોતાં આત્મતત્ત્વ સત્-ચિત્-આનંદ સ્વરૂપ છે.

ઉપરનાં સ્પષ્ટીકરણોથી બીજી એક ઘટના સ્પષ્ટ થાય છે. આનંદ ફક્ત પરમ-ચેતનાની પોતાની મૂળભૂત અવસ્થામાં જ પ્રકટ થતો નથી પણ તે તત્ત્વની નીચલી કક્ષાનાં વિવિધ સ્વરૂપો દ્વારા પણ પ્રકટ થતો જ હોય છે. તફાવત એટલો જ કે તે આનંદ પણ તેટલાં પ્રમાણમાં મર્યાદિત અને આંશિક સ્વરૂપનો હોય છે. આ ઘટના પર આધારિત ઋષિઓએ એકથી એક શ્રેષ્ઠ એવાં આનંદનાં પ્રકાર પાડ્યા છે. તેઓ જણાવે છે કે માનવના આનંદ કરતાં દેવોનો આનંદ સો ગણો છે અને દેવોના આનંદ કરતાં બ્રહ્માનો આનંદ સો ગણો છે. આ પ્રમાણે ચડતા ક્રમે અંતે 'બ્રહ્માનંદ' આવે છે, જેની ઉપર કોઈ આનંદ નથી. તે આનંદની ચરમસીમા છે. તે અંતિમ કક્ષાનો આનંદ છે. તે અત્યુત્કટ આનંદ છે.

આમ આનંદની વિવિધતા નિર્માણ થાય છે કારણ બ્રહ્મતત્ત્વ વિવિધ કક્ષાની સૃષ્ટિઓનું પોતે જ રૂપ ધારણ કરે છે અને તેમાં વિવિધ કક્ષાનાં 'જીવન' નિર્માણ કરે છે જેને શાસ્ત્રો 'યોની' કહે છે. વિવિધ કક્ષાની યોનિઓને વિવિધ કક્ષાનાં લોક અર્થાત્ સૃષ્ટિઓને કારણે આનંદમાં પણ એક ચડતા કે ઊતરતાં પ્રકારની કક્ષાઓ નિર્માણ થતી હોય છે. આ એકરસ, નિરાકાર બ્રહ્મમાંથી વિવિધ લોકો અને યોનિઓનું સર્જન અને વિવિધ પ્રકારના જીવન પ્રવાહો એ જ બ્રહ્મની લીલા છે. આ બ્રહ્મલીલા છે.

દરેક વસ્તુમાત્રે જે પોતાનું સ્વરૂપ ધારણ કરી રાખ્યું છે તે તેમાં રહેલાં આનંદને કારણે. તે વસ્તુ ટકી રહી છે તે પણ આનંદને કારણે. તે વસ્તુ વિકાસ પામી રહી છે. કારણ તેમાંનો આનંદ પોતે જ વિકાસ પામી રહ્યો છે અને જ્યારે તે વસ્તુ આનંદને ધારણ કરી શકતી નથી ત્યારે પોતાની મેળે તે વસ્તુ વિનાશ તરફ ધકેલાય છે. વિનાશનો અર્થ જ છે કે આનંદને ધારણ કરવાની અક્ષમતા. અક્ષમતા એટલે જ મર્યાદાઓ. મર્યાદાઓ એટલે અસીમતામાંથી સીમિત થવાની પ્રક્રિયા. તેથી તે પ્રક્રિયા આનંદમાંથી દુઃખ તરફની ગતિ બની જાય છે.

વિનાશમાં તેથી જ આનંદ પ્રકટતો નથી. હા..... વિનાશની પ્રક્રિયાથી અલગ થઈ દૃષ્ટાભાવે તે વિનાશની પ્રક્રિયાને જોવાથી વિનાશમાં દેખાતી મર્યાદાઓથી તે વ્યક્તિ પોતાને મુક્ત રાખી શકે છે અને તેથી તે વિનાશની પ્રક્રિયા પછી લીલા બની જાય છે. રમત બની જાય છે. ક્રીડા બની જાય છે અને તેથી તેમાં આનંદ પ્રકટી શકે છે.

તેથી જ તૈતરીય ઉપનિષદના ઋષિ જણાવે છે. માનવ સાચી ચેતનામાં રહે તો તે વિનાશમાં પણ આનંદ માણી શકે છે. ''આનંદ પ્રયન્ત અભિવિશંતિ'' તો તે પ્રકારની આનંદની પ્રક્રિયામાં પ્રવેશી શકે છે.

વૈદિક ઋષિઓ અને વેદાંતની જગતનિર્મિતનું કારણ દર્શાવતો આ પ્રાચીન સિદ્ધાંત છે. પણ વ્યવહારુ માનવને આ સ્પષ્ટિકરણ બાબત મૂળભૂત બે શંકાઓ જન્મે છે. પહેલી શંકા એ કે જો આનંદ જ હોય તો જગતમાં દેખાતાં દુઃખ, દર્દ, પીડા, યાતના, મૃત્યુ આ બધાંનો ખૂલાશો કેવી રીતે આપવો ? આનો જવાબ એ છે કે આનંદ આપણો સહજ અને કાયમી સ્વભાવ છે. તેથી તે બાબત આપણને બહું ધ્યાનમાં આવતી નથી. જેમ આંખો પટપટાવવી એ આપણો સહજ સ્વભાવ છે. પણ આપણે તે બાબતમાં કોઈ વખત સભાન હોતા જ નથી. પણ જ્યારે આંખમાં કણું પડે ત્યારે જ આંખો પટપટાવવાની ક્રિયા બાબત સભાન બનીએ છીએ. એમ આનંદનો આપણને ખ્યાલ આવતો નથી. પણ દુઃખનો ખ્યાલ તરત આવે છે કારણ તે આપણી સ્વાભાવિક સ્થિતિ નથી. પણ અસ્વાભાવિક સ્થિતિ છે.

ખરેખર જોતાં જીવનની કાલાવધિ લઈએ તો તેમાં મોટાભાગના કાલાવધિમાં આપણે આનંદથી જીવતા હોઈએ છીએ અને ખૂબ જ થોડા કાલાવધિ માટે આપણે ખરેખર દુઃખી હોઈએ છીએ. આ રીતે જીવનના સમગ્ર કાલાવધિમાં આનંદ વધારે અને દુઃખ ઓછું હોય છે પણ દુઃખપૂર્ણ સ્થિતિ અસ્વાભાવિક હોવાથી તે બાબત આપણે વધારે પડતાં સભાન બની જઈએ છીએ. તે આપણા મન ઉપર વધારે ઊંડી છાપ નિર્માણ કરે છે. માનવ જો સાક્ષીભાવે જીવનની ઘટનાઓ તરફ જોતાં શીખે તો તેની દુઃખદ ઘટનાઓ પણ તેને ખૂબ જ હળવી અને

સુસહ્ય લાગશે.

આનંદ જ્યારે તીવ્રતા પકડે છે, ઊર્મિ અને ભાવનાનાં ઘસારા સ્વરૂપે અનુભવાય છે. ત્યારે જ ‘આનંદ’ બાબત આપણે સભાન બનીએ છીએ. આ ઘટના કક્ષાની તીવ્રતા ધારણ કરે ત્યારે જ આપણે તેની બાબતમાં સભાન બનીએ છીએ અને શ્રવણક્ષમતા અર્થાત્ સાંભળવાની ક્ષમતા, તેમજ સ્પર્શક્ષમતા આ બધાં જ પ્રકારની તીવ્રતા સંવેદનો ધારણ કરે તો જ તે વસ્તુ બાબત આપણે સભાન બનીએ છીએ. ઉપરની ક્ષમતા ઉપરનાં અતિતીવ્ર સંવેદનો આપણને બધીર અને આંધળા કરી નાખે છે. અને નીચલી ક્ષમતાનાં નીચેનાં અતિમંદ સંવેદનો આપણે અનુભવી જ શકતા નથી. રાત્રીનાં અંધકારમાં આપણે જોઈ શકતા નથી. કારણ ત્યાં રહેલા પ્રકાશના સંવેદનો નીચલી કક્ષાથી પણ નીચેનાં હોય છે જ્યારે તીવ્ર પ્રકાશ આપણને આંધળા કરી મૂકે છે. તે રીતે જ આનંદ આપણે અનુભવતા નથી એ આનંદની ગેરહાજરી સૂચવતું નથી. એટલું જ સૂચવે છે કે વસ્તુની ગેરહાજરી અને વસ્તુને સંવેદવાની અક્ષમતા બંને વચ્ચે મોટો તફાવત છે, વસ્તુ હાજર હોવાં છતાં તેનાં સંવેદનો જણાતા નથી. અક્ષમતાને લીધે જ જ આનંદ આપણાં જીવનમાં જણાતો નથી તે તેનું કારણ છે.

---

(પૃ.૮ ઉપરથી) **પ્રાર્થના છે, અંતરનો પોકાર**

અને સ્થિરતા આવે છે કે મેં ભગવાન પાસે આ માંગ્યું છે, અને તેઓ મને જરૂર આપશે.’’ પછી ધીરજપૂર્વક રાહ જોતાં એક યા બીજા રૂપમાં ઇચ્છિત વસ્તુની જે પ્રાપ્તિ થાય તે પ્રભુની પ્રસાદી રૂપે ગ્રહણ કરવાથી તે વસ્તુ પ્રત્યેનો મોહ, લોભ કે વસ્તુ હોવાનું અભિમાન જાગતું નથી. ઊલટાનું પ્રભુ પ્રત્યેની કૃતજ્ઞતા જાગે છે અને વિનમ્રતા આવે છે. પ્રભુ કૃપામાં શ્રદ્ધા વધે છે. આમ સ્થૂલ ભૌતિક વસ્તુઓની પ્રાર્થના પણ મનુષ્યની ચેતનાને ઊંચે લઈ જનારી બને છે કેમકે ભલે માગણી ભરી પ્રાર્થના હોય, પણ એ પ્રભુ પ્રત્યેની કોઈ પણ સ્થૂલ ઇચ્છા, માગણી પણ પ્રભુનો સંપર્ક કરાવવા શક્તિમાન છે.

## માતૃવાણી

- શ્રી માતાજી

### અવતરણો

# ભાગવત-દૃષ્ટિથી જગત વિષેની સમજણ - 3

(માતૃવાણી - ૨, પૃ.૩૨૩-૩૪૧)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૭૨ **બાળક :** બાળક પોતાના વિકાસની ચિંતા કરતું નથી, વિકસતું જ રહે છે. આપણે એ જ કરવાનું છે. બાળકને પોતાની જાતને જાણવાનું અને તેની ઉપર પ્રભુત્વ સ્થાપવાનું શીખવો. તમે તેને એ રૂપે અમૂલ્ય વારસો આપો છો. તમે જો બાળકોનો, અન્યોનો આદર પામવા માંગતા હો તો આદરને પાત્ર બનો. આત્મ - પ્રભુત્વ જ આદર અપાવે છે. બાળકને ભયના ઉપયોગથી ન ભણાવો. તે ખૂબ જ હાનિકારક માર્ગ છે. તે ન શીખવાનું વધુ શીખશે, ને ઢોંગ અને જૂઠાણાનો ભોગ બનશે. કડકાઇ નહિ, પણ પોતાના આત્મસંયમથી બાળકોને નિયંત્રણમાં રાખો. ભગવાન સામે નવજાત શિશુ જેવા બની રહો. તેવા બનવાનું શીખવું એ આનંદ-પ્રાપ્તિનો માર્ગ છે. બાળકના સરળ વિશ્વાસમાં મહાન-શક્તિ છે. તે શંકાથી મુક્ત પોતાને રાખી શકે છે. મોટા થવાની ચિંતા કરવા કરતાં બાળકની જેમ ભગવાનને સોંપી દેવાથી તમને ચેતનાની મોટાઇ પ્રાપ્ત થાય છે. પૃ.૩૩૫

૭૩ **સંજોગો :** બાહ્ય-સંજોગોથી વિચલિત ન થવાનો માર્ગ છે - સત્યમાં જ જીવવું. સંજોગો વિચલિત કરશે, તો પ્રભુની શાંતિ અને આનંદને ટકાવી નહિ શકો. સંજોગો પ્રભુએ આપણા આત્મવિકાસ માટે સમજીને ગોઠવેલા હોય છે. તેમની સમજણને માન આપો. સંજોગોનો વિકાસમાં ઉપયોગ કરી લો. તમારા સંજોગો તમારી આંતર-ચેતનાનું જ મોટું

પ્રતિબિંબ છે. સંજોગો બદલવાની ચાવી તમારી ચેતનાના પરિવર્તનમાં છે.

૭૪ **પસંદગી :** જીવનમાં દરેક ક્ષણે પસંદગીની ક્ષણ હોય છે : પ્રગતિ કે અવનતિ. અવનતિનો માર્ગ વિનાશનો માર્ગ છે. પ્રગતિનો દિવ્ય-જીવનનો. પસંદગી બાદ પરિણામોની પરવા ન કરો. જે આવે તે નિર્ભય રીતે સ્વીકારી લો. નિર્ણય લેવામાં ઢીલ ન કરો, નહિ તો નિર્ણયનો પ્રસંગ પગલે-પગલે ઉપસ્થિત થશે અને તમે મૂંઝાશો. તે કરતા એક વખત નિર્ણય લેવો સુગમ થઇ પડશે. તમારા જિંદગીનો હેતુ નિશ્ચિત થઈ ગયો છે. તમારે તેની સાથે તદ્રુપ થવું પડશે એ પણ નિશ્ચિત છે. તમને એક જ છૂટ છે- તે માટેનો માર્ગ પસંદ કરવાની. ભગવાન તમને પસંદ કરે તો જ તમે ભગવાન સાથે એકરૂપ થવાનો માર્ગ પસંદ કરી શકશો. દરેકના જીવનમાં એક તબક્કે ગૂંચવાડો અને સીધા રસ્તા વચ્ચે પસંદગી કરવાનું રહે છે. પસંદગી કરવાની અક્ષમતાનો અર્થ છે, તમે મૃત્યુની પસંદગી કરી છે. તમારા શરીરનો ઉપયોગ કઇ શક્તિએ કરવાનું તમે પસંદ કરો છો તેની ઉપર જ બધું નિર્ભર છે. દરેક ક્ષણે ભગવત્કૃપા અને સુખોપભોગ વચ્ચે પસંદગીનો સવાલ ઊભો થાય જ છે. તમારે પસંદ કરવાનું છે : તમે કાલ-બાહ્ય માનવતા કે ભવિષ્યની અતિમાનવતા વચ્ચે પસંદગી કરવાની છે. આત્માની પસંદગી યોગ્ય વખતે પ્રગટ થાય છે અને આત્મા તે બાબતે સભાન બને છે. તમે ભગવાનનો વિચાર ત્યારે જ કરી શકો છો જ્યારે ભગવાન તમારો વિચાર કરતા હોય છે. પૃ.૩૩૭

૭૫ **પ્રશ્નો :** પ્રશ્ન જીવંત અને તત્કાળ હોય તો તે તેને અનુરૂપ અનુભૂતિ અને જીવંત - બોધ તમને આપે છે.

૭૬ **ઓળખ :** દરેક વ્યક્તિમાંનો ચૈત્યપુરુષ સાચી મહાનતાને ઓળખે છે અને તેનો અનુભવ કરતો હોય છે. તે જ સામેના વ્યક્તિની સાચી ઓળખ છે. બાકીની બધી આ જન્મે ધારણ કરેલી હોય છે, જે મૃત્યુ સમયે ત્યાગવામાં આવે છે. પૃ.૩૪૦

૭૭ **સાપેક્ષતા :** આ જગત જ સાપેક્ષ છે. તેમાંની બધી પૂર્ણતાઓ સાપેક્ષ જ હોય છે. દરેક વ્યક્તિમાં સત્ય, અસત્યનું મિશ્રણ હોય છે, તેથી કોઇ સંપૂર્ણ સત્ય કે સંપૂર્ણ અસત્ય હોતી નથી, તેથી જ વિવેકથી નિર્ણય લેવો મુશ્કેલ લાગે છે. દરેકની પ્રકૃત્તિ જુદી - જુદી હોવાથી દરેકનું સત્ય અભિવ્યક્તિની દૃષ્ટિએ જુદું - જુદું જ હોય છે. જે તમારામાં વધુ શુભત્વ લાવે તે તમારું સત્ય છે. પૃ.૩૪૦

૭૮ **સંબંધ :** આપણે જો પ્રભુની ચેતનામાં રહીએ તો બધાની સાથે સુસંવાદી અને સ્વસ્થતાપૂર્ણ સંબંધ રાખી શકાય છે. તે સંબંધો જ મધૂર હોય છે. પૃ.૩૪૦

૭૯ **ધર્મ :** ધર્મ અને યોગ સમાન ભૂમિકા ઉપરની વસ્તુઓ નથી. યોગ ચૈતસિક- ચેતનાનો વિષય છે. ધર્મનું મૂળ શરૂઆતમાં દિવ્ય જ હોય છે પણ તેની રચના માનસિક, સામાજિક, વ્યક્તિગત સ્વરૂપની હોય છે. ધર્મ જેમ ઉમદા વસ્તુઓને પોષે છે તેમ હીન વસ્તુઓને પણ પોષણ આપે છે. અન્યનાં ધર્મને હીન લેખવો એ તેનું ઉદાહરણ છે. ધર્મનાં બાહ્યદેહનાં આચરણમાં પૂરાઇ જવું એ એક પ્રકારનો અવરોધ પૂરવાર થાય છે, બેડી બની જાય છે. પણ તમે તેનાં આંતરિક-સ્વરૂપનો ઉપયોગ કરવાનું જાણશો તો તે આધ્યાત્મિક- જીવનમાં પ્રવેશવાનું પાટિયું બની શકે છે. રાજકીય, સામજિક આદર્શોનો ધર્મમાં થયેલો સમાવેશ એ પ્રાથમિક-કક્ષાનો ધર્મ નિર્માણ કરે છે, કારણ તે બાહ્યજીવન પૂરતો જ મર્યાદિત હોય છે. ધર્મનો દોષ છે આંશિક સત્યને જ પૂર્ણ સત્ય માની તેને વળગી રહેવામાં. તેથી બધાં ધર્મોએ સર્વગ્રાહી બની એકતામાં અને સુસંવાદમાં બની રહેવાનો પ્રયત્ન કરવો જરૂરી છે જેથી તેનો દોષ ટળે. પૃ.૩૪૧

૮૦ **ઈલાજ :** તમામ અનિષ્ટોનો ઇલાજ છે - પોતાને ભૂલી જઇ આત્મજાગૃત્તિમાં જાગવું. તેમાં ચેતનાની વિશુદ્ધિ અને વિકાસની અપેક્ષા રખાય છે. પૃ.૩૪૧

# સાવિત્રી

- શ્રી અરવિંદ

**સમજૂતી** - માનસિંહ ચાવડા

# જીવન-ઉદ્દેશની ગૂઢતા

પ્રકરણ-૧૪૮

(Savitri B-1, C-4, P- 71-72)

There is limned ever retreating from the eyes,
As if in a tenuous misty dream-light drawn.
The outline of a dim mysterious shore.
A sailor on the Inconscient's fathomless sea,
He voyages through a starry world of thought
On Matter's deck to a spiritual sun.

અશ્વપતિની નજરમાં સૂક્ષ્મતા આવી ગઈ છે. સૂક્ષ્મ જગતમાંથી ભૌતિક સ્તરે વાસ્તવિક બનવા સૂક્ષ્મ પાર્થિવતત્ત્વમાં સાકાર થતી પ્રક્રિયા તેઓ જોઈ શકે છે. તેમને તેમની આંખો સામે અંતરિક્ષમાં પ્રકાશરંગોના લીસોટા ( limned) અથવા વિવિધ આકારો પ્રગટ થતા અને ધીમે ધીમે અંતર્ધ્યાન પામતા (retreating) તેઓ જોઈ શકે છે. તે શેના પ્રતીક છે અથવા તેનો અર્થ શું? તે શું સૂચવે છે તે બાબતનું તેમને હજી જ્ઞાન નથી. તેમને એમ લાગે છે જાણે આછા (tenuous) ધૂમ્મસભર્યા વાતાવરણમાં (misty) ઊગતા સૂરજની આછી અરૂણ છટા વિસ્તરતી હોય અને તે આછા પ્રકાશમાં ગૂઢ સમુદ્રનો આછોપાતળો (dim) સમુદ્ર કિનારો દેખાતો હોય અને તે અવચેતનના સમુદ્રમાં (Inconscient's fathomless sea) કોઈ અનામી ખલાસીની અંધૂક

આકૃતિ દેખાતી હોય જે સમુદ્ર પ્રવાસની તૈયારી કરતો હોય. સારાંશ પોતે સાધનાના એ તબકકામાં પ્રવેશ્યો છે જ્યાં અવચેતનને ઉલેચવામાં આવી રહ્યું છે. અવચેતનમાંથી જે વસ્તુઓ વાસ્તવિક બનવા પ્રયત્ન કરી રહી છે તે જ વિવિધ રંગના લીસોટા તરીકે તેમને અંતરિક્ષમાં દેખાય છે આને અંગ્રેજીમાં (Catharsis) કહે છે. અવચેતન ધીમે ધીમે જાગૃત મનમાં આવી ઓગળી જવાની આ પ્રક્રિયા છે.

અથવા તે તેજ - લિસોટા, સૂક્ષ્મ જગતમાંની વસ્તુઓની ક્ષણિક ઝાંખી હોય. અશ્વપતિની સૂક્ષ્મદૃષ્ટિ વિકાસ પામી રહી હતી.

અશ્વપતિ તો અત્યારે વિવિધ મનોમય આદર્શોને (starry world of thought) ગંભીરતાથી લઈ તેમને સંનિષ્ઠાથી જીવનમાં ઊતારવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. અર્થાત્ આ વખતે તે ભૌતિક-જીવનની વાસ્તવિકતાઓને ભૂલતો નથી (Matter's deck) પણ તેનો અંતિમ આદર્શ છે પૂર્ણ આધ્યાત્મિક જીવન (spiritual sun)

Across the noise and multitudinous cry,
Across the rapt unknowable silences.
Through a strange mid-world under supernal skies.
Beyond earth's longitudes and latitudes.
His goal is fixed outside all present maps.
But none learns whither through the unknown he sails
Or what secret mission the great Mother gave.

ભૌતિક જીવન અશ્વપતિ પાસે પોતાની અનેકવિધ માગણીઓ મૂકીને કાગારોળ કરતું હોય છે. પણ અશ્વપતિ જાણે છે કે તેની પાછળ એક અકલનીય (unknowable) એવી સ્તબ્ધતા અને મૌનનો પ્રદેશ આવેલ છે તે પછી આવે છે સૂક્ષ્મ જગતોની વચગાળાની હારમાળા (mid-world) જેની સૃષ્ટિનાં નિયમો આપણી આ ભૌતિક સૃષ્ટિથી તદ્દન અલગ છે અને તેથી આપણને વિચિત્ર

(strange) લાગે છે. આ બધું આ ભૌતિક-પૃથ્વીની પેલેપારની વાસ્તવિકતાઓ છે જે બાબત અશ્વપતિ જાણી ચૂકયો છે, પણ તે બધી સૃષ્ટિઓ પછી શું છે એ તેને ખબર નથી. પણ તે જાણે છે કે તેનું જીવન ધ્યેય એ તેની આ જાણીતી દુનિયાનાં ક્ષેત્રમાંનું નથી, પણ તેની પારના ક્ષેત્રનું છે. અને તે બાબત કોઈ સાધક (none) પોતાનાં અનુભવો દ્વારા તે ધ્યેયને સમજી જ શકતો નથી. તે વસ્તુ ગૂઢ જ રહે છે. જગન્માતાએ તેનાં માટે શું ગુપ્ત એવું જીવન ધ્યેય અને તેની નિયતિ નિશ્ચિત કરી રાખી છે એ બાબતમાં એને કોઈ અંદાજ પણ બંધાતો નથી તે તો જગન્માતાનાં ભરોસે જ આ અપરિચિત ક્ષેત્રની સફરે ઊપડી ગયેલો આત્મા છે.

In the hidden strength of her omnipotent Will.
Driven by her breath across life's tossing deep.
Through the thunder's roar and through the windless hush,
Through fog and mist where nothing more is seen,
He carries her sealed orders in his breast.

પ્રકૃત્તિ રૂપી જગન્માતાએ હજી પોતાની બધી જ ક્ષમતાઓ પ્રગટ કરેલ નથી. ઘણી હજી અધૂરી જ પ્રગટ થઈ છે અને બાકીની અપ્રગટ જ છે. તેથી તેમની ગુપ્ત છુપાયેલી ક્ષમતા અનંતગણી છે (hidden strength) અને તેને સક્રિય કરવાં પ્રેરણા દેનારી જગન્માતાની જે સંકલ્પશક્તિ (Will) છે તે તો સર્વશકિતમાન છે. (omnipotent) વ્યકિતનાં બાહ્ય જીવનનો પ્રવાહ એ તો જગન્માતાના સહજ નિશ્વાસનાં ધક્કાથી ચાલે છે પણ તેની અંદર ઊંડે - ઊંડે એક ગહન આયોજન (deep) છે, જે તે જીવનમાં ઓચિંતા ફેરફાર કરીને (tossing) પોતાનું કાર્ય સાધતા હોય છે. આ આયોજન ઘણી વખત વાજતે- ગાજતે પાર પાડવામાં આવે છે. ( thunder's roar) જેમાં જીવનમાં ઘણી ઊથલપાથલો થાય છે, ઘણી વખત તે શાંતિથી તે વ્યકિતને ખબર પડ્યાં વગર જ પાર પાડી દેવાય છે (windless hush) ઘણી વખત બાહ્ય ઘટનાઓનાં ધુમ્મસનાં ઓઠાં નીચે (fog and mist) તે આયોજન પાર પાડ્યાંની વ્યકિતને ખબર જ રહેતી નથી. અશ્વપતિ આ બધું

હવે સમજતા થયાં છે. તેને પોતાનાં જીવન બાબતનો જગન્માતાનો સંકલ્પ ખબર નથી. તે જાણે જગન્માતાનાં આદેશને હૃદયનાં સીલબંધ પરબિડિયામાં ધારણ કરીને ફરતો હોય એવું તેને લાગે છે.

Late will he know, opening the mystic script,
Whether to a blank port in the Unseen
He goes or armed with her fiat, to discover
A new mind and body in the city of God
And enshrine the Immortal in his glory's house
And make the finite one with Infinity.

અશ્વપતિને પોતાનાં જીવનની અંતિમ સિદ્ધિ બાબત કોઈ કલ્પના નથી. શું તે સાધના કરતાં - કરતાં એક નિરાકાર, સ્થિર અચળ બ્રહ્મમાં (blank port) પહોંચી જશે કે જે અવસ્થા તેને અજાણ (Unseen)એવાં પ્રદેશમાંની એક અવસ્થા છે ? કે જગન્માતા સાધના દરમિયાન જે આંતરિક આનંદ આપે છે ( fiat) તેનાથી પ્રોત્સાહિત થતો થતો (armed) પ્રભુનાં દિવ્ય લોકમાનું (city = વૈકુંઠ કે ગૌલોક) કોઈ લોક પ્રાપ્ત કરશે જ્યાં તેને નવાં જ પ્રકારનાં મન અને શરીર મળશે અને ત્યાં પ્રભુનાં તે ધામમાં (glory's house) સનાતન જીવન પ્રાપ્ત કરીને ત્યાં મહાલશે ? જ્યાં સીમિત શરીરમાં અસીમતાને (Infinity) ધારણ કરીને રહેશે. વૈકુંઠનો અર્થ છે જ્યાં ચેતના કોઈ સીમાથી કુંઠીત થતી નથી એવો મુકત ચેતનાનો પ્રદેશ. ગૌલોકનો અર્થ છે પ્રકાશમય મન, પ્રાણ, શરીર ધારણ કરેલાં લોકોનો પ્રદેશ (ગૌનો અર્થ પ્રકાશ થાય છે) શ્રી અરવિંદ જીવનની અંતિમ ગતિ બાબતનાં ભારતમાંની વિવિધ માન્યતાઓનો અહિ ઉલ્લેખ કરે છે. અશ્વપતિને આવા કોઈ ધાર્મિક ખ્યાલોમાં રસ નથી. તે સંપૂર્ણ આધ્યાત્મિક પુરુષ હોવાથી તે આ બધાં ખ્યાલોને એક શકયતા તરીકે જોવે છે ન કે પૂર્ણ શ્રદ્ધારૂપે. તે એક અધ્યાત્મ માર્ગનો સાહસીવીર છે.

## યોગ વિષે પત્રો
- શ્રી અરવિંદ

# આંતર - ચેતનાનું કાર્ય

(ભાગ.૧, પૃ.૩૮૬-૩૯૨)

પ્રકરણ - ૨૨

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

૧ પ્રાણમય શારીરિક બળો ગમે તે જગ્યાએથી શરીર ગ્રહણ કરી શકે છે. પૃ.૩૮૫

૨ પ્રાણશક્તિ એટલે જીવનશક્તિ. પૃ.૩૮૬

૩ પ્રાણ..... જેટલો મદદગાર થઈ શકે તેટલો જ નુકસાનકારક પણ છે. પૃ.૩૮૬

૪ આપણાં સ્વરૂપની દરેક ભૂમિકાને..... મન, પ્રાણ તથા શરીરને તેની પોતાની ચેતના છે. પૃ.૩૮૭

૫ પ્રકૃત્તિની એક વિશ્વરૂપ સ્થૂળ-ચેતના છે. પૃ.૩૮૭

૬ આંતર શબ્દ બે ભિન્ન અર્થમાં વપરાયેલો છે. બાહ્યસ્વરૂપના બુરખાની પાછળનો - જે વિશ્વરૂપ મન, વિશ્વરૂપ પ્રાણ અને વિશ્વરૂપ શારીરિક બળોનાં પ્રત્યક્ષ સંપર્કમાં છે (બીજો) જેમને સાચી મનોમય, સાચી પ્રાણમય, સાચી શારીરિક-ચેતના કહીએ છીએ. પૃ.૩૯૦

૭ આપણે આંતર - શારીરિક ચેતનાનો વિકાસ કરીએ તો..... વાતાવરણની આરપાર આવતાં માંદગીનાં બળોને અનુભવીએ છીએ. પૃ.૩૯૧

૮ જો આપણે શારીરિક - ચેતનામાં સભાન હોઈએ તો ..... આપણે

શરીર, અવયવો, નાડીઓ.... મારફતે પ્રકાશ તથા આનંદની શક્તિનો સ્રોત વહેતો અનુભવી શકીએ. પૃ.૩૯૨

* * * *

શરીર પ્રાણશક્તિને ક્યાંથી ગ્રહણ કરે છે તેનાં જવાબમાં શ્રી અરવિન્દે જણાવેલું કે શરીરનો પ્રત્યેક કોષ સીધે સીધી પ્રાણશક્તિ ચારે તરફથી સ્વીકારે છે એમ કહેવું યોગ્ય થશે.

પ્રાણશક્તિ એટલે જીવનશક્તિ. જ્યાં - જ્યાં જીવન છે ત્યાં - ત્યાં પ્રાણશક્તિ છે જ. પણ તેનો અર્થ જડ પદાર્થમાં પ્રાણશક્તિ નથી એવો થતો નથી. જડ પદાર્થમાં જીવનશક્તિને વ્યક્ત થવાનું માધ્યમ નથી એ જ સમસ્યા છે. જડ પદાર્થમાં પણ પ્રાણશક્તિ છે જ.

પ્રાણ સાધનામાં જેટલો જરૂરી છે તેટલો જ અવરોધક પણ બની શકે છે. ઊર્ધ્વપ્રાણ સાધનામાં મદદરૂપ છે. નિમ્નપ્રાણ અવરોધરૂપ. આવેગો, વાસનાવાળો પ્રાણ પણ અવરોધક બને છે.

પ્રાણમયશક્તિ પ્રાણમય-સ્વરૂપ દ્વારા વધારે પ્રગટ થાય છે તેવું જ મન અને શરીર બાબતમાં પણ છે.

એકંદરે આપણાં સ્વરૂપનાં મન, પ્રાણ, શરીરને પોતાની જાણે અલગ સ્વતંત્ર ચેતના છે એવું લાગે છે છતાં તે બધી એકબીજા સાથે સંકળાયેલી હોય છે. ચૈત્યપુરુષ જ તેમનું સંકલન કરે છે.

સાધનામાં દરેક તત્ત્વની તેની અલગ -ચેતના બાબત સભાન બનવું જરૂરી છે. દા.ત. શરીર પોતાની ચેતનાથી આપણી જાણ વગર શરીરનાં અંદરની બધી પ્રક્રિયાઓ કરે છે, યોગીએ તે બાબત સભાન બનવાની જરૂર છે. અવચેતન ઉપર પણ યોગીએ અંતે કાબૂ મેળવવાનો છે. આપણાં દરેક સ્તરે વ્યક્તિરૂપ બનેલી ચેતના ખરેખર તો દરેક સ્તરની વૈશ્વિક - ચેતનાનો એક ભાગ માત્ર હોય છે.

સમગ્ર પ્રકૃતિની એક સ્થૂળ-ચેતના પણ છે અને આપણી સ્થૂળ - ચેતના

તેનો જ એક ભાગ છે. તેની દ્વારા આપણે સમગ્ર સ્થૂળ - પ્રકૃત્તિ સાથે વ્યવહાર કરી શકીએ છીએ. આને શારીરિક - ચેતના કહે છે. તે ચેતનાની બીજી ભૂમિકાઓ ઉપરથી શક્તિ અને પ્રભાવો સ્વીકારે છે અને તેની મદદથી પોતાની બાંધણી કરે છે. તે રીતે જ તેણે પ્રાણશક્તિનો પ્રભાવ ઝીલી નાડીતંત્રની રચના કરી છે. તેવી જ રીતે મનનો પ્રભાવ સ્વીકારીને સ્થૂળ - મનની તેણે રચના કરી છે. જે ભૌતિક-જીવનની ભૌતિક-વસ્તુઓમાં જ અટવાયેલું હોય છે. તેને ઊર્ધ્વબળો બાબતનું જ્ઞાન હોતું જ નથી અને તે બાબત શંકા સેવે છે. આધ્યાત્મિક - અનુભૂતિઓને તે સમજી જ શકતું નથી અને તેથી તેને ભૂલી જાય છે.

તેથી આવા સ્થૂળ - મનને ઊર્ધ્વપ્રાણમય અને મનોમય શક્તિથી પ્રકાશિત કરીને જ સંસ્કૃતિ અને શિષ્ટતાનો વિકાસ સધાય છે. યોગમાં તો અતિમનસ અને આધ્યાત્મિક - શક્તિઓનો પણ પ્રભાવ આ સ્થૂળ - મને સ્વીકારવો જરૂરી છે. સ્થૂળ-મન એટલે શારીરિક મન. શારીરિક પ્રાણ એ નાડીતંત્રમાં સંવેદના - વહનનું કાર્ય કરે છે અને તેનાં પ્રત્યાઘાતોને વ્યક્ત કરવાનું કાર્ય કરે છે. તેનાં આ ઊગ્ર, અવિચારી, વિકારમય પ્રત્યાઘાતો સાધનાની મૂળ મુશ્કેલી છે. આ શારીરિક પ્રાણે પણ આધ્યાત્મિક - પ્રકાશ ધારણ કરી નિર્લેપતામાં, વિશાળતામાં, સમતામાં સ્થિર થવાનું છે.

આપણાં શરીરની પોતાની શુદ્ધ શારીરિક-ચેતના પણ છે જ, જે પ્રાણમય-શારીરિક અને મનોમય - શારીરિકથી અલગ પ્રકારની છે. પણ તે પ્રાણમય અને મનોમય પ્રવૃત્તિઓ નીચે ઢંકાયેલી હોવાથી તેનું સ્વતંત્ર અસ્તિત્વ જણાતું નથી. સપાટી ઉપરની ચેતના કરતાં નીચે ઢંકાયેલી ચેતનાનો પ્રદેશ ખૂબ જ વિશાળ છે. તેને ગુહ્યજ્ઞાનથી જ જાણી શકાય છે. મૃતાત્માઓનાં અસ્તિત્વનાં સ્વીકાર સાથે આ બાબત વિજ્ઞાને પણ જાણવાની શરૂઆત કરી છે. અવચેતન અને અચેતન તેનો જ ભાગ છે.પણ તે ચેતના પણ આપણને અર્ધજાગૃત અને સંપૂર્ણ સુષુપ્ત લાગે છે પણ ખરેખર તે સદાજાગૃત્ત પ્રજ્ઞાશક્તિ છે; જે પડદા પાછળ રહીને કામ કરવાનું હાલનાં તબક્કે ઈચ્છે છે.

## श्री भगवत्याराधना

प्रो. पुष्पाबेन पंडया

### महेश्वरी

१ राजराजेश्वरी प्रज्ञां विशालां विश्वरूपिणीम् ।
अविचलां त्रिकालज्ञां ज्ञानरूपां समुन्नताम् ।।
२ अत्यदभुतां परंज्योतिः शान्तां प्रज्ञानदायिनीम् ।
परेशाज्ञानुसारां त्वां जयप्रदां यशस्विनीम् ।।
३ अव्याजकरुणामूर्तिं मऽगलां महिमान्विताम् ।
सच्चिदानन्दरुपां त्वां चिन्मयीं चितिरुपिणीम् ।।
४ वैराग्यां विश्वव्याप्तां त्वां वैभवां वरदा विभाम् ।
बृहत्त्मां परीतां त्वां सनातनातमां शुभाम् ।।
५ योगदां युगधात्रीं त्वां मोदकरीं महोज्ज्वलाम् ।
सम्प्रसादां प्रपूर्णां त्वां महेश्वरीं नमाम्यहम् ।।

૧ જે રાજરાજેશ્વરી છે, પ્રજ્ઞારૂપ છે, વિશાળ છે, વિશ્વરૂપ છે, અવિચલ છે, ત્રણેય કાળને જાણનારાં છે, જ્ઞાનરૂપ છે, જે અતિ ઉન્નત છે એવાં મહેશ્વરીને હું નમન કરું છું.

૨ જે અતિ અદ્‌ભૂત છે, પરમ જ્યોતિરૂપ છે, શાન્ત છે, ઉત્તમ જ્ઞાન આપનારાં છે, જે પરમાત્માની આજ્ઞાનું અનુસરણ કરનારાં છે એવાં જય આપનારાં, યશસ્વી આપ મહેશ્વરીને હું નમન કરું છં.

૩ જે નિષ્કારણ કરુણા કરનારાં છે, જે મંગલ સ્વરૂપ છે, જે મહિમાવાન છે, જે સચ્ચિદાનંદ સ્વરૂપ છે, જે ચૈતન્યમયી છે. જે ચેતના સ્વરૂપ છે એવાં આપ મહેશ્વરીને હું નમન કરું છું.

૪ જે વિરાટ રાજ્યને (ચક્રવર્તીપણાને) ધરાવે છે, જે વિશ્વવ્યાપી છે, જે પરમ વૈભવરૂપ છે, જે ઉત્તમ વરદાન આપનારી છે, જે પ્રકાશરૂપ છે, જે વિશાળતમ છે, જે ચોતરફ છવાયેલા છે, જે સનાતનમાં ય સનાતન છે, જે શુભ છે એવાં આપ મહેશ્વરીને હું નમન કરું છું.

૫ જે યોગને આપનારાં (આત્મ - પરમાત્માનો યોગ) છે, યુગને ધારણ કરનારાં છે, જે આનંદ પમાડનારાં છે, જે અત્યંત ઉજ્જવલ છે, જે પરમ પ્રસાદિતાં (પ્રસન્નતા) રૂપ છે, જે અત્યંત પૂર્ણ છે એવાં આપ મહેશ્વરીને હું નમન કરું છું.

# અતિમનસની આવશ્યકતા

(ઉપનિષદો, પૃ.૧૨૪-૧૨૮)

ઉપનિષદે વિજ્ઞાનમય ચેતના અથવા અતિમનસ ચેતનાને આંતરપ્રેરણાથી જાણી લીધેલું છે અને આધ્યાત્મિક અનુભૂતિઓનો તેને આધાર મળેલ છે.

ઉપનિષદ આ અતિમનસ ચેતનાને ચાર રીતે વર્ણવે છે : (૧) તે મન અને ઇન્દ્રિયોથી પર છે (૨) તે જ્ઞાન માટે મનનો ઉપયોગ કરતું નથી (૩) મનને તેની ક્ષમતાઓ અતિમનસ તત્ત્વે જ આપેલી છે (૪) તે અતિમનસ ચેતના જ બ્રહ્મચેતના છે.

પણ ઉપનિષદનાં સ્પષ્ટીકરણોને અને અતિમનસનાં વર્ણનોને મર્યાદા બહાર ન લઈ જઈ શકાય, કારણ બ્રહ્મતત્ત્વ જાણી જ શકાતું નથી અને તેથી તેનું વર્ણન કરવું શક્ય નથી.

તેવું વર્ણન શક્ય નથી તેનો અર્થ બ્રહ્મતત્ત્વ ખાલીખમ અવકાશ માત્ર છે એવો નથી. તેનું અસ્તિત્વ છે જ, પણ તે નિર્ગુણ, નિરાકાર છે અને તેથી હાલની મન અને ઇન્દ્રિયોની જે ક્ષમતા છે તેથી તે જાણી શકાતું નથી.

અતિમનસ જ બ્રહ્મચેતના છે. તે પોતાનાં જ વિવિધ આવિર્ભાવો તરફ જોવાની, સમજવાની એક સનાતન દૃષ્ટિ અને સમજણ સ્વરૂપ છે. જો બ્રહ્મતત્ત્વને જાણી જ શકાતું નથી આ જ વાસ્તવિકતા હોય તો બ્રહ્મતત્ત્વને તમે આ જ ભૌતિક જીવન દરમિયાન જાણી લો અને એ રીતે જીવો એમ ઉપનિષદનો કહેવાનો કોઈ અર્થ જ રહેતો નથી. આમાં ખરેખર ઉપનિષદોએ વાપરેલા શબ્દો ન સમજવાના કારણે જ વિરોધાભાસ નિર્માણ થાય છે. ઉપનિષદ બ્રહ્મતત્ત્વને જાણી લે (વિદ્ધિ) અને જાણીને (અવેદિત્) તેને મેળવી લે એમ જણાવે છે. અન્યત્ર આ માટે જ તેણે 'વિદ્મઃ' અને 'વિજાનિમઃ' શબ્દો વાપરેલાં છે.

ઉપનિષદ આંતરપ્રેરણાથી જાણી લે એમ વિદ્મઃ, વિદ્ધિ શબ્દોથી જણાવે છે અને એ રીતે આંતરપ્રેરણાથી જાણેલાં બ્રહ્મ માટે અવેદિત્ જાનિમહે શબ્દો વાપરે છે. આંતરપ્રેરણાની ક્ષમતા હજી મનસ્તત્ત્વમાં પૂરેપૂરી ખીલેલી નથી. તે તો બુદ્ધિની તર્કશક્તિ અને ઇન્દ્રિયોની સંવેદનશક્તિનાં આધારે જ હાલમાં જાણે છે. તે જાણેલું એ મનોમય સમજણ હોય છે.

ઉપનિષદોનાં ઋષિએ આ રીતે આંતરપ્રેરણાથી બ્રહ્મતત્ત્વને જાણ્યું છે પણ શિષ્યને સમજાવવા તેમને વર્ણનનો અને વ્યવહારું ભાષાનાં શબ્દોનો ઉપયોગ કરવો પડે છે તેથી તેમનાં વર્ણન અને શબ્દોને મર્યાદા બહાર ખેંચવાનો અર્થ નથી.

ઉપનિષદના મતે હાલનાં તબક્કે બ્રહ્મતત્ત્વને જાણવું શક્ય નથી અને વર્ણન પણ કરવું શક્ય નથી, કારણ આપણે હાલનાં તબક્કે મનની જે ક્ષમતાઓ છે તેથી બ્રહ્મતત્ત્વનાં વિવિધ આવિર્ભાવો રૂપ આકારોને જ જોઈ શકીએ છીએ અને તેમનું વર્ણન કરી શકીએ છીએ. પ્રત્યક્ષ બ્રહ્મતત્ત્વને આપણે જાણી શકતા જ નથી.

બીજું, જ્ઞાત અને અજ્ઞાત આ જે શબ્દો ઉપનિષદો વાપરે છે તેમની વચ્ચેનો તફાવત પણ આપણે જાણી લેવો જોઈએ. જ્ઞાત એટલે બ્રહ્મતત્ત્વને મૂળ સ્વરૂપે જાણવું. તેના આવિર્ભાવોને જાણવાની વાત નથી. બ્રહ્મતત્ત્વ મૂળતઃ એક અસીમ, શુદ્ધ, સભાનતા માત્ર છે, તે રીતે જાણવું એને ઋષિ જ્ઞાત કહે છે અજ્ઞાતનો અર્થ આ મૂળ સ્વરૂપે અજ્ઞાત.

બીજો પણ અર્થ છે. મનની આજના તબક્કાની જાણવાની ક્ષમતા ખૂબ જ મર્યાદિત છે. તે જ્ઞનાર્જન ક્ષમતાને લક્ષમાં લઈને ઋષિ જણાવે છે કે આજની ક્ષમતા સાથે મન તેને જાણી શકવાનું નથી, તેથી તે અજ્ઞાત જ રહેવાનું છે પણ મન તે ક્ષમતાઓ વધારે અને વિકસાવે તો તે બ્રહ્મતત્ત્વને જાણી શકશે, તે જ્ઞાત છે.

મનની અક્ષમતા બાબતની ચર્ચા બીજા પ્રકરણમાં આવે છે. મનની જાણવાની પ્રક્રિયામાં મન પોતે જ્ઞાતા બને છે અને વસ્તુ જ્ઞેય બને છે. મન જ્ઞાતા અને જ્ઞેય બન્ને તદ્દન અલગ છે એમ માને છે. છતાં મનની જ્ઞાનની પ્રક્રિયામાં મનની વૃત્તિ પદાર્થ તરફ બહાર જાય છે. તેની સાથે એકરૂપ થાય છે અને પાછી આવી મન સાથે એકરૂપ થાય છે, ત્યારે જ મનને તે વસ્તુનાં સંવેદનો જાણવા મળે છે. પણ વૃત્તિ જ્યારે વસ્તુ સાથે એકરૂપ હોય છે ત્યારે મન સાથે એકરૂપ હોતી નથી અને મન સાથે એકરૂપ હોય છે ત્યારે વસ્તુ સાથે હોતી નથી. આમ, આ એકરૂપતા

મર્યાદિત પ્રકારની છે. અમર્યાદ એકરૂપતા જેમાં એકી વખતે મન અને વસ્તુ બન્ને સાથે એકરૂપ હોય તેવી અવસ્થા મનની ક્ષમતા બહારની છે.

બ્રહ્મતત્ત્વ તો મન પણ છે અને વસ્તુ પણ છે. તેની એકરૂપતા અમર્યાદ છે. આવી અમર્યાદ એકરૂપતા મન વિકસાવશે ત્યારે મન, મન નહિ રહે પણ અતિમનસ બની જશે. તેથી મન, મનની અવસ્થામાં તો બ્રહ્મને જાણી જ શકતું નથી. તે ઉત્ક્રાંત થશે તો પોતાનું રૂપાંતર કરી બ્રહ્મને જાણી શકશે.

ઉત્ક્રાંતિમાં પ્રગતિ આ રીતે જ થઈ છે. પ્રાણ ભૌતિક તત્ત્વમાં હતો, તેથી તે ભૌતિક તત્ત્વમાંથી ઉત્ક્રાંત થયો. પ્રાણે ભૌતિક તત્ત્વને પોતાને ખબર નહોતી તે તેની ક્ષમતાઓ દર્શાવી. તેવી જ રીતે મને પ્રાણને ખબર નહોતી તે પ્રાણની ક્ષમતાઓ તેને દર્શાવી. હવે અતિમનસ મનને જે પોતાની ક્ષમતા ખબર નથી તે તેને દર્શાવશે.

અતિમનસ જ્ઞાન માટે મનનો ઉપયોગ કરતું નથી. મન તેને માટે નિમ્નકક્ષાનું સાધન છે. અતિમનસ એકતા ઉપર આધારિત રહીને કાર્ય કરે છે. તે માનવને સ્વતંત્ર માનવ તરીકે જોતું નથી પણ વિશ્વનો એક અંશ તરીકે તેને જોવે છે અને અનુભવે છે. મન આથી વિરુદ્ધ ભેદ ઉપર આધાર રાખે છે. તે માનવને સ્વતંત્ર માનવ તરીકે જોવે છે અને તેની, સાથેનાં બધાં પ્રાણી, વસ્તુઓ અને વનો, પર્વતોને મળીને વિશ્વ તરીકે અનુભવે છે. આમ, અતિમનસ એકતા તરફથી કૃત્રિમ રચેલી વિવિધતા તરફ જાય છે. મન વિવિધતા તરફથી કૃત્રિમ રચેલી એકતા તરફ જાય છે.

અતિમનસની એકતા તો વિશ્વાતીત એકતા છે, જેમાં વિશ્વો અને વ્યક્તિઓ બધાં જ આવી જાય છે. અતિમનસ બધાં સાથે એકરૂપ થઈને રહે છે તે એકરૂપતા જ પછી નિમ્નસ્તરે પ્રેમ, મિત્રતા, સમભાવ, કરુણા તરીકે પ્રગટ થાય છે.

અતિમનસ પોતાના ચેતના - વિસ્તારમાં અનેક એકાગ્રતાનાં કેન્દ્રો રચે છે મન તેમાનું એક એકાગ્રતાનું કેન્દ્ર હોય છે, તેથી બન્નેનો અનુભવ પ્રકાર અલગ - અલગ થઈ જાય છે. અતિમનસ બધાં એકાગ્રતાનાં કેન્દ્રોના આપસી વ્યવહાર પોતાની અંદર જ અનુભવે છે. જ્યારે મન બીજા કેન્દ્ર સાથેનો વ્યવહાર બાહ્ય વ્યવહાર તરીકે જોવે છે. બન્નેની ચેતના - વિસ્તારમાં જ મૂળતઃ તફાવત હોય છે.

(અનુ. પૃ.૩૮ ઉપર)

# વેદ-રહસ્ય
- શ્રી અરવિન્દ

# વરુણ અને મિત્રનું સ્વરૂપ

(વેદનું રહસ્ય ભા.૨, પૃ.૧૦૨-૧૧૦)

પ્રકરણ -૧૬

**સમજૂતી** - માનસિંહ ચાવડા

આત્મતત્ત્વની સનાતનતા અને આનંદમયતાનો વિચાર જોયો. તે જો વેદનો કેન્દ્રિય વિચાર હોય તો તે બધાં જ સૂક્તમાં પ્રગટ રીતે અથવા પાર્શ્વભૂમિમાં હોવો જ જોઈએ. તો જ આપણે કરેલાં માનસશાસ્ત્રીય અર્થ યોગ્ય ગણાશે.

ઋગ્વેદનાં પ્રથમ મંડલમાંનું બીજું સૂક્ત વિશ્વામિત્રના પુત્ર મધુચ્છંદસ્‌નું રચેલું વરુણ અને મિત્રને લગતું છે. પ્રથમ સૂક્ત ઈન્દ્ર અને વાયુને લગતું છે. તે સૂક્તમાંનાં છેલ્લા ત્રણ મંત્રો (૭-૯) ખૂબ જ મહત્ત્વનાં છે. કારણ તેમાં વરુણ અને મિત્ર આ વૈદિક દેવતાઓનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે.

**૧ મિત્રં હુવે પૂતદક્ષં, વરુણં ચ રિશાદસમ્। ધિયં ઘૃતાચી સાધન્તા॥૭॥**

મિત્ર જે આત્માની પવિત્રતાનો અનુભવ..... કરાવે છે અથવા પોતાની પવિત્રતા સાચવવા દક્ષ છે, એકાગ્ર છે (પૂતદક્ષમ્) અને વરુણ જે અમારી સાધનામાંના શત્રુઓનો નાશ કરનારાં છે (રિશા દશમ્) તે બંનેનું અમે આવાહન કરીએ છીએ (હુવે). તે બંને અમારી શારીરિક ચેતનાને (ધીયં) આત્મતત્ત્વનાં સાર સ્વરૂપ પ્રકાશથી ભરી દે છે (ઘૃતાચીં) (ઘૃત, ઘી એટલે દૂધનું સારતત્ત્વ તેમ આત્માનું સારતત્ત્વ છે પ્રકાશમયતા.) અને તે સ્થિતિને કાયમી કરે છે. (સાધંતા)

**૨ ઋતેન મિત્રાવરુણા, ઋતાવૃધા, ઋતસ્પૃશા। ક્રતું બૃહન્તમાશયે॥**

મિત્ર અને વરુણ બંને બીજસ્વરૂપ સત્ય (ઋતેન) ઉપર આધારિત છે. તેઓ ઋત્‌નો સ્પર્શ પામીને જ અર્થાત્ ઋત્‌નાં સંપર્કમાં આવીને જ ઋત્‌નાં પોષણથી જ વૃદ્ધિ પામે છે, વધારે બળવાન થાય છે. (ઋતવૃદ્ધા) તેના પરિણામ સ્વરૂપે, જીવનયજ્ઞ (ક્રતું) વધારે વિશાળ કાર્યક્ષેત્રને (બૃહન્તં) આવરી લે છે. (આશાથે)

૩ કવિનો મિત્રાવરુણા, તુ વિજાતા ઉરુક્ષયા । દક્ષં દધાતે અપસમ્ ॥

મિત્ર અને વરુણ બંને (મિત્રાવરુણા) ખરેખર (નો) સત્યદૃષ્ટા છે (કવીં) તેને કારણે તે સત્યના વિવિધ પાસાં પ્રગટ કરવાં વિવિધ સ્વરૂપો જાણે ધારણ કરે છે. (તુ વિજાતા) તે બંનેમાં કરેલી એકાગ્રતા (દક્ષં) જ દિવ્યશક્તિ સ્વરૂપે પ્રવાહિત થઈને (અપસમ્) વિશાળ કાર્યક્ષેત્ર નિર્માણ કરે છે અને અંતે વિશાળ-ચેતનાને પ્રગટ કરે છે.

ઉપરનાં ત્રણે મંત્રનો અર્થ આપણને મિત્ર અને વરુણ બાબત શું સૂચવે છે ? પ્રથમ તો ઋષિઓએ આ દેવોને જે નામ આપેલાં છે તે સૂચવે છે તે જોઈ લઈએ. મિત્રનો અર્થ છે આપણને હર વખતે સાચી મદદ કરનાર, તેથી સાયણ સંવાદિતા લાવનાર બળ તરીકે વર્ણવે છે. મિત્ર આપણાં સ્વરૂપનાં બધાં જ તત્ત્વોને સાધનામાં મદદ કરી રૂપાંતર સાધવા માટે સક્ષમ બનાવે છે. તે તત્ત્વ, તત્ત્વ વચ્ચે સંવાદ નિર્માણ કરે છે.

વરુણને સમુદ્રનાં દેવતા ગણ્યાં છે. તે વિશાળતા અર્પે છે અર્થાત્ મિત્ર નિર્માણ કરેલી સંવાદમયતાની મદદથી એકી વખતે સ્વરૂપમાંના વિવિધ તત્ત્વોનું રૂપાંતર કરાવી વિશાળ ચેતનાને ધારણ કરાવે છે. આમ, તે સાધનાનું ક્ષેત્ર વિશાળ કરે છે અને અંતે, વિશાળ કાર્યક્ષેત્ર નિર્માણ કરે છે. આમ, મિત્રનું કાર્ય તત્ત્વો વચ્ચે સંવાદિતા રચવી અને વરુણનું કાર્ય તે તત્ત્વો દ્વારા વિશાળ ચેતનાને પ્રગટ કરવી. આ રીતે બંનેનાં કાર્યો એકબીજાને પૂરક હોવાથી વેદોમાં ઇન્દ્ર અને મરુત (વાયુ) ની જેમ મિત્ર અને વરુણને સાથે જ યાદ કરવામાં આવે છે અને બંનેનું સાથે જ આવાહન પણ કરવામાં આવે છે.

મિત્ર અને વરુણની જોડીમાં તેમનાં સંલગ્ન કાર્યને લીધે સમાન અથવા સંબંધિત કાર્યો પણ જોવા મળે છે. તેનાં બે મુખ્ય કાર્ય છે. પ્રભુના મારા વિષેના સંકલ્પને (ઋતમ્) સ્પર્શ કરવો અથવા તેની સાથે સંપર્કમાં આવવું. એક વખત આ સ્પર્શ પ્રાપ્ત થઈ જાય (ઋત્ સ્પૃશા) એટલે પછી તે દિવ્યસંકલ્પ પોતાને આવિર્ભાવ પ્રક્રિયામાં મૂકી દે છે અને તેનાં આવિર્ભાવની પ્રક્રિયા ઝપાટાબંધ આગળ વધે છે. આને ઋત્‌નાં આધારે પ્રગટીકરણના કાર્યમાં વધારો કરનાર તરીકે વર્ણવેલ છે. (ઋતાંવૃધા) આવી રીતે મિત્ર અને વરુણના ગુણવિશેષો આપણને આ મંત્રમાં જાણવાં મળે છે.

હવે ત્રીજા મંત્રનો અર્થ જોઈએ.

ઉપરનાં કાર્યો ત્યારે જ થઈ શકે જો મિત્ર અને વરુણ બંને તે ઋત્ચેતનાને અનુભવી શકતાં હોય. તેઓ તે સત્યનાં દષ્ટા બની ગયેલાં હોય છે. કવિ બની ગયેલાં હોય, તેથી અહીં મધુચ્છંદસ ઋષિ જણાવે છે કે ખરેખર (તો) મિત્ર અને વરુણ બંને કવિ જ છે, સત્યદૃષ્ટા જ છે. તેઓએ વિશાળ અસીમ ચેતનાને ધારણ કરેલી છે. (ઉરક્ષયા) (વેદોમાં ચેતનાને વિશાળ દર્શાવવા મોટું પેટ (ઉરુક્ષયા)નું પ્રતીક વાપરે છે. દા.ત. ગણપતિને 'લંબોદર' એ જ અર્થમાં કહ્યાં છે. પરંતુ (તુ)આવી વિશાળતા ધારણ કરેલાં મિત્ર અને વરુણ તે પછી આ વિવિધ દિવ્યશક્તિઓનાં પ્રવાહ તરીકે જન્મ લઈ નીચે અવતરણ કરવા માંડે છે. (વિજાતા) અનેક સ્વરૂપોની ધારણા એટલે જ વિજાતાની પ્રક્રિયા છે.

આને કારણે અસીમ નિરાકારતા અને સાકારતાનો સુભગ સંગમ રચાય છે. મેઘમાંનાં પાણીને આકાર નથી. તે સ્થિર પડેલું હોય છે પણ વર્ષાની ધારા તરીકે તે સાકાર બની જાય છે. તેમ જ મિત્ર અને વરુણે ધારણ કરેલી વિશાળતા, નિરાકારતા જ તે પછી વિવિધ દિવ્ય-બળોની ધારા તરીકે સાકાર થઈ જાય છે.

આવી રીતે આ ત્રણે મંત્રોમાં મિત્ર અને વરુણનાં દિવ્ય-કાર્યોની ઝાંખી આપણને મળે છે.

હવે આપણે આ મંત્રોમાં આવેલાં પ્રતીકાત્મક શબ્દોનાં માનસશાસ્ત્રીય અર્થ શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનાં આધારે કેવી રીતે પ્રાપ્ત થયાં છે તે સમજી લેવાનું છે.

બીજા સૂક્તની રચના જોતાં તમને જણાશે કે પ્રથમ સૂક્તમાં જે કેન્દ્રિય વિચારનો વિકાસ જે ક્રમથી સૂક્તમાં કરેલો છે તેવો જ ક્રમ આ સૂક્તમાં પણ જોવા મળશે. હવે પ્રથમ સૂક્તમાં જે સર્વસામાન્ય કાર્યો દર્શાવેલાં છે તેમને વધારે સ્પષ્ટ રીતે આ સૂક્તમાં સમજાવવામાં આવ્યાં છે.

પ્રથમ સૂક્તમાં અગ્નિ જીવનયજ્ઞ (ક્રતુ)ની શરૂઆત કેવી રીતે કરે છે તે દર્શાવેલ છે. હવે અહીં તે પ્રક્રિયા કેવી રીતે, કોની મદદથી આગળ વધે છે તેની શારીરિક-ચેતના (ધીઃ) આત્માની પ્રભા ધારણ કરતી થાય છે. (ધીયં ઘૃતાચી સાધતાં)

આ કાર્ય સાધવામાં પ્રથમ તો આ પ્રક્રિયાને સતત પોષણ મળવાની જરૂર છે. બીજું, તેનું સંરક્ષણ અવરોધો સામે થવું જોઈએ. મિત્ર પ્રથમ કાર્ય કરે છે અને વરુણ બીજું.

# શ્રી અરવિન્દનો બાહ્ય અને આંતરિક સંબંધ

પ્રકરણ - ૪૨
(પૃ.૧૮૦-૧૮૬)

**અવતરણો**

**સમજૂતી** - માનસિંહ ચાવડા

1 If I have given importance of the correspondence, it is because it was an effective instrument towards my central purpose. P. 180

2 No doubt also it was not the correspodence in itself but the force that was increasing in its pressure on the physical nature which was able to do all this, but a canalisation was needed. P. 180

3 The easy way would be if those who have opened would now rely on the inner communication with only a necessany word now and then. P. 180

4 All depends on the force behind these things and the purpose in their action... that is known to the cosmic spirit which is at work, and it works... but by a greater consciousness, which... can make them the base here for the works of the Mind and Spirit in Matter. P. 181

5 The worker (Shri Aurobindo himself) knows and respects the material (letters) with which he must work and he

knows what is their place in the fullness of his labour. P. 181

6 But the answers must be such as he (Ramkrishna) gave and such as I try to give answers from higher spiritual experience, from a deeper source of knowledge and not lucubrations of the logical intellect trying to co-ordinate its ignorance. P. 181

7 Intellect is not (proper) authority. (It) has no sufficient jurisdiction or competence. P. 181

8 The letters we receive from you are full of power. (A disciple). P. 182

9 (Who are not writing)... they have some line of positive experience which they confidently follow. P. 182

10 Those - who are not visited by serious difficulties, are exposed to the latter danger of remaining always in the same plane of experience. P. 182

11 Questions are meant for getting light on the things going in one. It is the statement of what is going on that helps to surrender. P. 182

12 It is the movements of your Sadhana that you place before me and it is this that I have to see whether they are the right things or not. P. 183

13 (While reading the letter) you should keep it (vitalmind) quiet and receive with a silent mind waiting for light. In the silent mind one can receive an answer even if I write nothing. P. 183

14 The psychic can be connected with anything that gives room for love or Bhakti. P. 184

15 [To inform any body that he is sending power to help him] Such a mental method would be of no use whatever. The experience must come of itself. P. 184

16 The outer guidance is meant only as an aid to the inner working... for the correction of any erroneous movements... to point out the right road. P. 184

17 The inner help is quite different... it reaches the substance of the consciousness, not the mind only. P. 184

18 My touch is always there;... its direct action on the mind and heart and vital and body. There would then... no difficulty at all. P. 185

19 The compassion does not wither with its symbol. Flowers are the moments expressions of things that are in themselves eternal. P. 185

20 I never pointout to anybody his defects unless he gives me the occasion. P. 185

21 It cannot act effectively (spirit of bitterness and anger towards the helper) - or at least not at once - If doors are shut against it. P. 186

22 (Shri Aurobindo is partial in his dealings) it is their (hostile force's) one short cut to success, to separate the Sadhak from his soul. P. 186

# યોગ પર દીપ્તિઓ -શ્રી અરવિન્દ

# આંતર ચેતના

## સમર્પણ અને ઉન્મીલન

અવતરણો

(ભાગ-૧, પ્રકરણ ૩ પર આધારિત)

પ્રકરણ - ૫૦

**સમજૂતી – કમલેશ માંડવિયા**

- આપનું સાચું સ્વરૂપ.... ઊંડાણમાં છે તથા ઊર્ધ્વમાં રહેલું છે. પૃ.૪૭
- ..... તે અંતરાત્મા છે જે અંતરનાં મનને..... પ્રાણને તથા સૂક્ષ્મ અન્નમયને આધાર આપી રહેલું હોઈ તેનામાં વિશ્વવ્યાપક વિશાળતા ધારણ કરવાની શક્તિ હોય છે. પૃ.૪૭
- આત્માના સત્યનો..... અન્ય પદાર્થોમાં રહેલાં સત્યનો સીધે સીધો સંપર્ક સાધવા માટે, વૈશ્વિક આનંદનો આસ્વાદ લેવા માટે..... સ્થૂળ દેહની પીડાઓના બંધનમાં પડેલી ક્ષુદ્રતામાંથી મુક્તિ પ્રાપ્ત કરવા માટે એનામાં સામર્થ્ય રહેલું છે. પૃ.૪૭
- યુરોપમા..... એ પડદા પાછળનાં ભાગને ‘અવચેતના’ યા તો ‘તલ ચેતના’ કહેવામાં આવે છે. જ્યારે ખરું જોતાં..... એ..... વસ્તુ ઘણી જ સચેતન હોય છે. પૃ.૪૭
- ..... આપણું અધ્યાત્મિક સ્વરૂપ આપણી ક્ષુદ્ર બહિર્મુખ વ્યક્તિતા સાથે અમૂક કેન્દ્ર વડે જોડાએલું હોય છે. પૃ.૪૭
- યોગ સાધના વડે આપણે એ કેન્દ્ર વિષે સચેત થઈએ છીએ. પૃ.૪૭
- ..... એ સત્ય સ્વ-રૂપનો ઘણો જ થોડો અંશ..... બાહ્ય જીવનમાં પ્રગટ થઈ શકે છે..... તે આપણો ઉત્તમોત્તમ અંશ હોય છે. પૃ.૪૭-૪૮
- એ કેન્દ્રોને..... ખુલ્લા કરવાં, એમને જાગ્રત અને સક્રિય બનાવવા એ યોગ

સાધનાનો એક ઉદ્દેશ છે. પૃ.૪૮
*****

આંતર ચેતના અને બાહ્ય ચેતનાની પ્રાથમિક સમજ શ્રી અરવિન્દ આપી રહ્યાં છે.

સર્વ સામાન્ય માનવી ફક્ત બાહ્ય ચેતનામાં જ જીવતો હોય છે. તેને એ પણ ખ્યાલ હોતો નથી કે પોતાનામાં આંતર ચેતનાનાં અનેક પ્રદેશો છે અને તેનાં સંપર્ક દ્વારા માનવ પોતાના ઊંડાણનાં અને ઊર્ધ્વનાં સત્ય પ્રત્યે જાગૃત્ત થઈ શકે છે.

તેથી યોગ સાધનાનો એક ઉદ્દેશ એ પણ છે કે આ આંતર ચેતનાના સંપર્કમાં આવવું અને તે દ્વારા અંતરનાં ઊંડાણ અને ઊર્ધ્વની વાસ્તવિકતાઓ છે તેને જાણવી.

આ અંતરમાં રહેલું સ્વરૂપ તે અંતરાત્મા છે. અને તે આંતર મન, પ્રાણ અને સૂક્ષ્મ અન્નમયને આધાર આપી રહેલું છે. અંતરાત્મા પોતે શુદ્ધ હોઈ તે વૈશ્વિક વિશાળતાને ધારણ કરવાં શક્તિમાન હોય છે. તેમજ તેનામાં આત્માના સત્ય અને વસ્તુમાત્રનાં સત્ય સાથે સંપર્ક કરવાં અને એક નિજાનંદનો આસ્વાદ લેવાનું સામર્થ્ય હોય છે.

યુરોપમાં આ અંતરાત્માને 'અવચેતના' યા તો 'તલ ચેતના' તરીકે એળખવામાં આવે છે. જે મૂળભૂત રીતે ખોટી જ માન્યતા છે. શ્રી અરવિન્દ જણાવે છે કે માનવમાં આવિર્ભાવ માટેનાં કેન્દ્રો હોય છે અને તે દ્વારા ચેતના પોતાને પ્રગટ કરતી હોય છે. સામાન્ય રીતે, બાહ્ય ચેતના જે બાહ્ય જીવનને પ્રગટ કરે છે તેનું કેન્દ્ર અહંકાર હોય છે. તે પછી અંતરના ઊંડાણમાં જે શુદ્ધ ચેતના છે તેનું કેન્દ્ર 'અંતરાત્માં' છે, જે શુદ્ધ સ્વરૂપે ચેતનાને પ્રગટ કરે છે. તે પછી અંતરનાં ઊંડાણમાં જે શુદ્ધ ચેતના છે તેનું કેન્દ્ર 'અંતરાત્મા' છે. જે શુદ્ધ સ્વરૂપે ચેતનાને પ્રગટ કરે છે. આ 'અંતરાત્મા'માં દિવ્યતા હોતી નથી, પરંતુ તે દિવ્યતાનાં સંપર્કમાં રહીને શુદ્ધ અને સાત્વિક જીવન દ્વારા ચેતનાને પ્રગટ કરે છે. અને પોતે અંતરત્તમ સ્વરૂપ છે. આત્મા છે જે દિવ્ય જીવન પ્રગટ કરીને દિવ્ય ચેતનાનો આવિર્ભાવ કરતો હોય છે. આત્મા પોતે જ પ્રભુનો અંશ છે અને તેની આજુ-બાજુ જે દિવ્ય પ્રકૃત્તિનું જીવંત સ્વરૂપ રચાય છે તે 'ચૈત્યપુરુષ' છે. આપણા સપાટી પરનાં અને અંતરનાં મન, પ્રાણ અને અન્નમય તત્ત્વો જ્યારે પૂરે પૂરા આ 'આત્મા'ની આજુંબાજું પોતાનું

સમગ્ર અને પૂર્ણ સ્વરૂપ વિકસાવીને સ્થાયી કરે છે, ત્યારે 'ચૈત્ય-પુરુષ' પરમ પ્રભુના દિવ્ય સંકલ્પ મુજબ પૂરેપૂરો પ્રગટ થાય છે અને તે દિવ્ય જીવનનો વિકાસ કરે છે. આ પ્રકારની યોગ સાધનાને શ્રી અરવિન્દ પૂર્ણ યોગ કહે છે.

દરેક કેન્દ્રોમાં જાગ્રત થવું અને તે દ્વારા દિવ્ય ચેતના પ્રગટાવવા માટેની કડી છે અંતરાત્મા. જે બાહ્ય ચેતનાને દિવ્ય ચેતના સાથે જોડે છે.

અંતરાત્મામાં જાગ્રત થવું અને તે દ્વારા ઊંડાણનાં અને ઊર્ધ્વનાં સત્યનાં સંપર્કમાં આવવું તે પણ યોગ સાધનાનો એક ઉદ્દેશ છે.

શ્રી માતાજી કહે છે કે :

Go within your little person and you will find the key which opens all the doors.

અને શ્રી અરવિન્દ જણાવે છે કે :

Live within; be not shaken by outward happenings.

---

(પૃ.૪૬ ઉપરથી) **શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો**

પરમ-સત્યમાં પૂર્ણ સંવાદમાં ગોઠવાઈ જાય છે તે પરમ-સત્યનાં અવિભાજ્ય ભાગ બની જાય છે. સારાંશ અનુભૂતિ સમગ્ર સત્યનું એક પાસું જ પ્રગટ કરે છે.

આ રીતે વિવેકથી સમજીને અન્યની અનુભૂતિને સ્વીકારતા શીખો.

માતાજીએ આવા અલગ-અલગ સત્યોમાંથી ઉપર ઊઠીને બધાં જ સત્યોનો સમાવેશ કરનાર વિશાળ સત્યમાં આરોહણ કરવાનો માર્ગ આપણને દર્શાવેલ છે. તેમના મતે બે સત્યો અથવા મતો વિરોધી લાગતા હોય તો તમે તમારી ચેતનાને વિશાળ કરી પ્રથમ તે માનસિક વિરોધને વટાવી જાઓ અને બન્નેનો સમાવેશક એવા ત્રીજા વિશાળ - સત્યની ઊર્ધ્વ-ચેતનામાં શોધ કરો તમને ઊર્ધ્વમાં એક વિશાળ સત્ય દેખાશે જેનાં પેલા બે વિવિધ પ્રકારનાં આવિર્ભાવો માત્ર લાગશે.

આ રીતે વિશાળતાથી વધુ વિશાળ સત્ય તરફ સતત આરોહણ કરતાં શીખવું જોઈએ. વેદો જણાવે છે કે તમે એક શિખર ઉપરથી બીજા શિખર ઉપર પહોંચો છો અને આમ ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરો છો.

## સાંજના વાર્તાલાપો

- શ્રી અંબુભાઈ પુરાણી

### પ્રકરણ - ૪૯

# આપણાં યોગ વિષે ગેરસમજો

(૧૫-૮-૨૫) (પૃ.૨૩૬-૨૩૮)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

(૬) તૈતરીય ઉપનિષદમાં કહ્યું છે કે પાર્થિવ કોષને પ્રાણમય કોષમાં, પ્રાણમય કોષનું મનોમય કોષમાં, મનોમય કોષનું વિજ્ઞાનમય કોષમાં અને વિજ્ઞાનમય કોષનું આનંદમય કોષમાં આરોહણ કરાવવાનું છે. તેમજ જે વિજ્ઞાનમય કોષમાં પ્રવેશે છે તે સૂર્યનું દ્વાર ભેદીને પેલીપાર જાય છે. આ આપણા યોગનો પ્રથમ અર્ધ ભાગ છે. આ રીતે જ આરોહણ કરાવવાનું છે પણ ઉત્તર ભાગમાં આપણે બધાં જ કોષોનું ફરી ભૌતિક-શરીરમાં અવતરણ પણ કરાવવાનું છે. અવતરણની પ્રક્રિયા આપણાં યોગની વિશેષતા છે. વળી સૂર્યભેદનનો અર્થ છે આપણા સૂર્યકુળની ઉત્ક્રાંતિનો અંતિમ ઉદ્દેશ જે વિજ્ઞાનમય કોષનો વિકાસ છે, તે પૂર્ણ થતાં જ આપણી ઉત્ક્રાંતિની કક્ષા સૂર્યકુળની કક્ષાથી ઉપરવટ જઈને આગળ વધે છે. તે વિજ્ઞાનમય (અતિમનસ) ચેતનામાંથી આનંદમય ચેતનામાં પ્રવેશે છે. આ પણ આપણા યોગનો હેતુ છે. પરંતુ હાલનાં તબક્કે વ્યવહારું ધ્યેય છેઃ વિજ્ઞાનમય ચેતનાની પ્રાપ્તિ. તેથી તૈતરીય ઉપષિદ આપણાં યોગની પણ આગળની વાત કરે છે, તેમ નથી તેનાં બે કારણો છે (૧) આપણે અવતરણ પ્રક્રિયાનો પણ આગ્રહ રાખીએ છીએ જે તૈતરીય ઉપનિષદ રાખતું નથી. (૨)

આપણે આનંદમય કોષનાં અવતરણની વાત તો કરીએ જ છીએ.

(તૈતરીય ઉપનિષદનાં જ્ઞાનનો મૂળ જ્ઞાતા યાજ્ઞવલ્કય હતાં. તેણે તે જ્ઞાન પોતાનાં સહાધ્યાયીઓને સમજાવેલું. તેમણે (સહધ્યાયીઓએ) નોંધી રાખ્યું પણ સમજી શક્યા નહીં, એવા ઉલ્લેખો જોવાં મળે છે. તે માટે ઉપમા આપે છે કે યાજ્ઞવલ્કયે તે જ્ઞાન હજી અધૂરું છે, એમ સમજી ત્યાગ કર્યો. ઊલ્ટી કરી કાઢી નાંખ્યું. તે જ્ઞાનને તેનાં સહાધ્યાયીઓએ તેતર જેમ ગંદવાડ ગળી જાય તેમ ગળી ગયાં. અર્થાત્ તેમણે તેની નોંધ લીધી પણ સમજી શક્યા નહી. યાજ્ઞવલ્કયે તે જ્ઞાનને ભૌતિક વાસ્તવિક જીવન સાથે સુમેળમાં કરવા જે સિદ્ધાંતો પોતે જ જણાવ્યાં તે જ ઈશોપનિષદ છે. તેનાં સાક્ષાત્કાર માટે તેઓ સંસારી જીવન છોડી જંગલમાં ચાલ્યાં ગયેલાં એવો ઉલ્લેખ છે અને એ તબક્કે જે પ્રકારની સાધના કરતાં હતાં તેનો ઉલ્લેખ તેમણે પોતાની પત્નિ સાથેનાં સંવાદમાં જણાવેલ છે. પણ જંગલમાં ગયાં પછી શું થયું તેનો કોઈ ઉલ્લેખ નથી. એક સૂચક નોંધ (Records on Yoga) શ્રી અરવિન્દનાં યોગ ઉપરની નોંધોમાં શ્રી અરવિન્દે સ્વયં - લેખનમાં પ્રયોગોમાં જણાવેલ છે. પોતાને યોગેશ્વર કહેરાવતો એક આત્મા વારંવાર શ્રી અરવિન્દને વિનંતી કરતો કે ખૂબ જ ઊર્ધ્વ કક્ષાની સાધનાને પરિણામે તેની ભૌતિક જીવન ઉપરની પકડ રહી નથી. પણ તેમને ફરીવાર જન્મી પોતાનું અધૂરું કાર્ય પૂરું કરવું છે. તે માટે તેણે શ્રી અરવિન્દની મદદ માંગેલી. તે પછી કોઈ ઉલ્લેખો નથી.

નોંધવાની વિશેષ વાત એ છે કે ભારતીય પરંપરામાં ભગવાન શિવ જેઓ પોતે યોગેશ્વર હતાં તેમણે યોગેશ્વરની પદવી યાજ્ઞવલ્ક્યને આપેલી. તે પછી વેદવ્યાસે ભગવાન શ્રી કૃષ્ણને તે પદવી આપેલી છે. શ્રી અરવિન્દનું 'દિવ્ય-જીવન' એ લખાણનું મૂળ નામ 'ઈશોપનિષદ ઉપરની ટીકા' એવું છે એ ખાસ નોંધવા જેવી વાત છે) સારાંશ ઋત્-ચેતના (અતિમનસ)નાં અવતરણનો પ્રયોગ અભૂતપૂર્વ જ લેખાવો જોઈએ.

આ રીતે ચેતનાનાં ઊર્ધ્વ ગોલાર્ધને (સત્-ચિત્-આનંદ અને અતિમનસ) નિમ્નગોલાર્ધ (મન, પ્રાણ, શરીર) સાથે જોડી દઈને એકરસ કરવાં એ આપણા યોગનું ખાસ લક્ષણ છે.

(૭) આ યોગ બધાં જ કરી શકે તેમ નથી એવો પણ એક ખ્યાલ માન્ય થયો છે. ઘણાં માને છે કે આ બધાં જ કરી શકે છે. બન્ને અર્ધ-સત્ય જ છે. બધાંમાં આ યોગ કરવાની ગુપ્ત અને સુપ્ત શક્તિ જરૂર છે. તેથી બધાં જ અમૂક કક્ષા સુધી આ યોગને અનુસરી શકે છે. આ યોગમાં બધાં જ પૂર્વગ્રહોમાંથી મુક્તિ અને મનનું વિશાલીકરણ તેમજ પ્રાણની નિમ્ન ગતિઓમાંથી તદ્દન મુક્તિ અને પરિવર્તન, આ ત્રણે વસ્તુ ખૂબ જ કઠણ છે અને સામાન્ય માનવની પહોંચ બહાર છે. તેથી જેમને યોગ માટે પોકાર થયેલો છે, તેમને માટે જ આ યોગ છે, એવું માનવું સારું છે. અંતિમ રૂપાંતર જીવનનું કેવું થશે તો તેનો જવાબ એક જ છે. તે પ્રભુના સંકલ્પાનુસાર જ થશે. પણ તેનું સ્વરૂપ આપણે હજી સ્પષ્ટ જાણતા નથી એ નિશ્ચિત.

---

(પૃ.૨૪ ઉપરથી)

## ઉપનિષદો

તેથી અતિમનસને બધું જ્ઞાન એ પોતાનું જ જ્ઞાન લાગે છે. અજ્ઞાન પણ તેને વિકૃત થયેલું જ્ઞાન જ લાગે છે. મન આવાં વિકૃત્ત જ્ઞાનને પોતાનું સાચું જ્ઞાન ગણે છે.

મન જ્યારે પોતાની દ્વારા અતિમનસને તેની પોતાની રીતે અર્થાત્ એકતાના ભાવમાં રહીને કાર્ય કરવા દેશે ત્યારે જ તે બ્રહ્મતત્ત્વને જાણી શકશે અને જીવી શકશે. તે માટે તેણે પોતાનો હાલનો સ્વભાવ, કાર્યપદ્ધતિ બદલવા પડશે. તેને અમરતાનો, સનાતનતાનો અનુભવ લેવો હશે તો, અતિમાનસિક રીતે તેણે જાણતા અને અનુભવતા શીખવું પડશે.

## વેદવિજ્ઞાન
- માનસિંહ ચાવડા

# ગૌણ દેવતાઓ

પ્રકરણ - ૧૬

**૨૨ દધીક્રાવા:**

દધીક્રાવા એટલે દૈવી અશ્વ જે વર્ષમાં આઠ મહિના જળને આકાશમાં ધારણ કરી રાખે છે. (ઉનાળો અને શિયાળો) અને ચોમાસામાં ગર્જના (ક્રાવ) સાથે વર્ષે છે. અપામમ્બરગર્ભોધમ્..... દધિક્રાવસ્તેનકથ્થતે (બૃ.૨.૫૬) દધિક્રાવેવ । અશ્વનામૈતત્ । દધીધાચ્યતા સન્ ક્રામતીતિ (અર્થવ સા.ભા.૩-૧૬-૬) દધી એટલે ઉદધી અર્થાત્ પાણી. ક્રાવ એટલે ઉત્ક્રમણ કરવું, લઈ જવું. ક્રાવનો અર્થ ક્રંદતિ ગર્જના કરવી એવો પણ લેવાય છે. ત્રીજો અર્થ છે દદધાકારી ભવતીતિવા (નિ - ૨-૨૭) પાણી સ્વરૂપ અર્થાત્ નિરાકાર પ્રકાશમય ચેતના સ્વરૂપ થઈ જવું.

દધીક્રાવાનો ચોથો અર્થ છે નિરાકાર ચેતનાની ગર્જના સ્વરૂપ અનાહત નાદ.

અર્થવ વેદમાં પ્રાર્થના છે કે હે ઉષા દધીક્રાવ શુદ્ધ ચેતનામાં જ પોતે પગ મૂકે છે . તેથી તમે જ ચેતનાને શુદ્ધ કરતાં આગળ ચાલો અને તેમને લઈ આવો તેમ જ ભગ જે ધનદાતા છે (દિવ્ય-અશ્વર્ય) તેને પણ સાથે લેતા આવો..... નમંત દધિક્રવેવ શુચયે પદાય। ..... વસુવિદં ભગં મે રથમિવાશ્વા વાજિન આ વહન્તુ (અર્થવ ૩-૧૬-૬) દધીક્નો અર્થ વિદ્યુત અર્થાત્ અંતરિક્ષ કક્ષાનો અગ્નિ, માનસિક-ચેતનામાંનો પ્રકાશ એવો પણ લેવામાં આવ્યો છે. આનો અર્થ માનસિક રીતે અધ્યાત્મની સમજણ મેળવવાની તીવ્ર ઇચ્છા જ દધિક્રાવ છે.

**૨૩ ધન્વંતરિ:**

તે આયુર્વેદના પ્રવર્તક છે. તેમને મત્સ્યપુરાણ વિષ્ણુનો તેરમો અવતાર ગણે છે. (૪૭.૩૦) તેઓ દીર્ઘતમા અને કેનુમાન ના પિતા હતા. તે દેવોના વૈદ્ય છે. તે સમુદ્રમંથનમાંથી ચૌદ રત્નો સાથે પ્રગટ થયેલાં છે. ઇન્દ્રે તેમને આયુર્વેદનું જ્ઞાન

આપી પૃથ્વી ઉપર મોકલેલાં એવું ભાવપ્રકાશ નોંધે છે. ધનુ એટલે ધનુષ્ય અંતરિ એટલે તેની દોરી પણ છે. સારાંશ ધન્વંતરિ એટલે યોગશિક્ષણથી સુબદ્ધ, કેળવાયેલું શરીર, યોગમય શરીર જેમાં પોતાનાં સંયમની મર્યાદા સાચવવાની ક્ષમતા છે.

**૨૪ પશુપતિઃ**

પશુઓનાં સ્વામી તે પશુપતિ, તેમને ભવ અને શર્વ પણ કહે છે. ભવોશર્વો..... ભૂપતી પશુપતી નમો વામ્..... (અર્થવ ૧૧-૨-૧) વન્યપશુઓથી અમારું રક્ષણ કરો આ બધાં રુદ્રનાં રૂપો છે. ભવાશર્વાવિદં બ્રૂમો રુદ્ર પશુપતિશ્ચયઃ..... નઃ સંતુ સદા શિવઃ । (૧૧-૬-૯) તે બધાં અમને કલ્યાણકારક થાય.

પ્રાણમય લોકનાં જે ભયંકર સત્વો છે તેમને જ પશુ કહ્યાં છે. તેમને નિયંત્રણમાં લાવનાર તે પશુપતિ. તે જ શિવ. પ્રાણની તીવ્ર ભોગેચ્છા એ જ પશુ છે.

**૨૫ પાપ્મહાઃ**

તેઓ પાપનાશ કરનારા છે. પાપોનાં નિયંત્રક દેવતા પાપ્મન્. અમને તમે શાંતિથી રહેવા દો એવી પ્રાર્થના છે. આ બધાં અમારી તરફ ધ્યાન ન આપે અને અમે સારું આયુષ્ય ભોગવીએ. સર્વેણ પાપ્મના વિયક્ષ્મેણ સમાયુષા (અર્થવ ૩-૩૧-૧)

**૨૬ બ્રહ્મગવીઃ**

તેનો અર્થ બ્રાહ્મણની ગાય અર્થાત પરમ - ચેતનાનો પ્રકાશ થાય છે. તેને ધારણ કરનારા તે બ્રહ્મગવી. અર્થાત બ્રહ્મનિષ્ઠ લોકો. તેમનો તિરસ્કાર એટલે રાષ્ટ્ર તેજનો વિનાશ. તેજો રાષ્ટ્રસ્ય નિર્હંતિ..... (અર્થવ ૫-૧૯-૪) આવા બ્રહ્મનિષ્ઠનો તેજોભંગ કરનારા રાષ્ટ્રમાં કોણ જાગે છે, કોઈ જાગતું નથી. ન બ્રાહ્મણસ્ય ત્રા જગધ્વા રાષ્ટ્રે જાગાર કશ્ચન (અર્થવ ૫-૧૯-૧૦) તે ગાય કેવી છે ? અષ્ટાપદી, ચતુરક્ષી, ચતુઃ શ્રોત્રા, ચતુર્હનું, દ્વિમુખી, દ્વિજીવ્હા..... (અર્થવ ૫-૧૮-૧) અષ્ટધા પ્રકૃતિ તેનાં પાયારૂપ પગ છે તેથી અષ્ટપદી, અંતઃકરણનાં

ચાર ભાગ મન, બુદ્ધિ ચિત્ત અહંકાર એ તેની ચાર આંખો, અને ચાર વાક્ અર્થાત્ પરા, પશ્યંતિ, મધ્યમા, વૈખરી સ્વરૂપ ચાર કાન અને લહ્ય, ચોસ્ય, પેય, ખાદ્ય રૂપ ચાર અન્ન સ્વરૂપ ચાર હનુ (જડબું) અને સ્થૂળ અને સૂક્ષ્મ શરીરરૂપી બે મુખ અને તેમની દ્વારા જીવનના સૂક્ષ્મ અને સ્થૂળ ભોગ એ બે જીભ. સારાંશ પ્રકાશમય કારણ શરીર એ જ બ્રહ્મની ગાય અર્થાત્ પ્રકાશ છે અને સૂક્ષ્મ અને સ્થૂળ શરીર આ તેના સાધનો.

ત્રણે શરીરનું મળીને રાષ્ટ્ર થાય છે. જે રાષ્ટ્રમાં બ્રહ્મની ગાય હણાય અર્થાત્ જો કારણ શરીરનો આવિર્ભાવ કરવાની તક જ ન રહે તો તે રાષ્ટ્રનો નાશ થાય છે.

**૨૭ મન્યુ:**

એટલે સાહસ, ઉત્સાહ, સ્ફૂર્તિ, કર્મમાંની ઓજસ્વિતા, તેમાંનો આવેગ એજ મન્યુ છે. મન્યુર્મન્યતેર્દીપ્તિ કર્મણા, ક્રોધો કર્મણો, (નિ ૧૦-૨૯) મરુત્-ગણ તેના સાથી છે.

સાધનામાંનો ઉત્સાહ એ જ મન્યુ છે તેથી જ તે બધાં દેવોને સક્રિય કરે છે. મન્યુરિન્દ્રો..... મન્યુર્હોતા વરુણો જાતવેદાઃ..... સજોષાઃ (અર્થવ ૪-૩૨-૨) સ જોષાઃ એટલે તેમની પત્નિઓ સ્વરૂપ શક્તિઓ સાથે.

**૨૮ યમ, મૃત્યુ:**

જે વિનાશ કરે છે તે મૃત્યુ. મૃત્યુમારુતિતી સતઃ (નિ. ૧૧-૬) અર્થવ વેદમાં મૃત્યુ અને યમને એકરૂપ ગણ્યાં છે. કારણ ઋતના આવિર્ભાવ માટે જ નકામુ શરીર ત્યાગવામાં આવે છે. તસ્મૈ યમાય નમો મૃત્યુવે. (અર્થવ ૬-૨૮-૩) મૃત્યુ નિર્ઋતિનો મિત્ર છે. કારણ ઋત્ (સત્યના) આવિર્ભાવ માટે જ નકામું શરીર ત્યાગવામાં આવે છે. તન્મૃત્યુના નિર્ઋતિ સંવિદાના (અર્થવ ૭-૭૩-૧) તેને અંતક પણ કહે છે. અંતકાય મૃત્યુવે નમઃ (અર્થવ ૮-૧-૧) તે મૃતાત્માને પિતરો પાસે પહોંચાડે છે. પિતૃભ્યો ગમયાં ચકાર (અર્થવ ૧૮-૨-૨૭) મૃત્યુનું પ્રતીક અંધકાર છે અને જીવનનું પ્રકાશ.

# જીવનનાં પ્રશ્નોનું નિરાકરણ

પ્રકરણ - ૧૪

**સમજૂતી** - માનસિંહ ચાવડા

You see, everything we do, everything we know, is based on a kind of semiconscious memory of things - that is gone... And it is replaced by a sort of luminous presence... and things happen... JUST what is needed at just the right time. There is none of that baggage we constantly drag around with us : JUST the thing you need. - 1968-45

There is no longer that accumulated jumble of so-called knowledge. Everything is spontaneous, natural and totally unsophisticated. - 1969-52

The consciousness CONSTANTLY sees to what is to be done. It follows every second... it follows its own movement. That makes everything possible. - 1969-263.

માતાજી કહે છે આપણે જીવનમાં જ્યારે સામાન્ય ચેતનામાં હોઈએ છીએ ત્યારે જીવનમાંના પ્રશ્નોનું નિરાકરણ ભૂતકાળનાં અનુભવોનાં આધારે કરતાં હોઈએ છીએ. તે તેનો અજ્ઞાતભાગ સૂક્ષ્મ જગતમાં વિસ્તરેલો હોય છે. સૂક્ષ્મજગતમાંના કોઈ વિસંવાદને કારણે ભૌતિકજીવનમાં પ્રશ્નો નિર્માણ થતાં હોય છે. આપણું અનુભવજન્ય જ્ઞાન ફક્ત ભૌતિક સ્તરની મલમપટ્ટી કરે છે અને તેથી જીવનના પ્રશ્નો ફરી બીજા સ્વરૂપે જીવનમાં નિર્માણ થાય છે. તેનો કાયમી

નિકાલ થતો નથી. અનુભવજન્ય જ્ઞાન જીવનનાં પ્રશ્નને સર્વાંગ સંપૂર્ણ રીતે સમજી શકતું નથી. કારણ ભૂતકાળનાં અનુભવની પરિસ્થિતિ હાલની પરિસ્થિતિ સાથે સોએ સો ટકા મળતી આવતી નથી.

જ્યારે પ્રકાશમય ચેતના સાધકના સ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે તે ચેતના સદા જાગૃત હોય છે. તે સ્વરૂપનાં બધાં જ સ્તરે ફેલાએલી હોવાથી જીવનનાં પ્રશ્નને જડમૂળ સાથે જાણે છે. આ જ્ઞાન તાર્કિક નથી હોતું પણ આંતરપ્રેરણાથી મળતું હોય છે. તેથી ચેતનાએ સહજ રીતે લીધેલો નિર્ણય સાચો, સર્વાંગી અને અંતિમ બની રહે છે. આ નિર્ણય લેવામાં કોઈ તાણ, ચિંતા, સંશય કે મુંઝવણ હોતી નથી.

આને કારણે આપણાં અનુભવો જે વસ્તુ અશક્ય માને છે. પોતાની મર્યાદાઓને જાણીને તેનાં પેલીપારની માને છે તે જ વસ્તુ હવે શક્ય બની જાય છે, કારણ ચેતના કોઈ સ્થળ કાળની મર્યાદામાં બદ્ધ નથી. જીવનનાં પ્રવાહને તે ચેતના નક્કી કરે છે. નાનામાં નાની બાબતનો નિર્ણય તે લે છે અને જીવન ચિંતામુક્ત બની સહજ, સરળ રીતે અસ્ખલિત વહેતું હોય છે - ઝરણાંની જેમ આનંદના પ્રવાહમાં !

---

(પૃ.૪૫ ઉપરથી)

## યોગના મૂળ તત્ત્વો

સાધક : 'જે' એ કહ્યું કે 'ડી' (એક મહિલા સાધક) બીજાનું પ્રાણતત્વ શોષી લે છે. શ્રી અરવિન્દના પત્રો ઉપરથી તેણે એ પણ તારણ કાઢ્યું કે 'એલ'ની પણ તેવી જ ટેવ છે. પણ તેને 'ડી' સાથેના પોતાનાં સંબંધોમાં તેવું જણાયેલું નહોતું.

શ્રી અરવિન્દ : આ ઘટના જ પૂરવાર કરે છે કે આ સાચી વાત છે. 'ડી'ની આવી ખૂબ જ પ્રબળ ખાસિયત જાણીને જ શ્રી માતાજીએ તેને આશ્રમવાસી તરીકે સ્વીકારી નહોતી. સ્વાભાવિક રીતે આ વાત 'ડી'ના સંપર્કમાં આવનારા જાણી શકતા નથી. કારણ 'ડી' કાયમ તેમના મનમાં ઠસાવી દે છે કે તે તેમને મદદ કરી રહી છે.

# યોગના મૂળ તત્ત્વો

- શ્રી અરવિન્દ

## વિભાગ - ૨

(શ્રી અરવિન્દના સંક્ષિપ્ત જવાબો)

પ્રકરણ - ૧

**સમજૂતી** - માનસિંહ ચાવડા

### (૧) સાધકે ગેરસમજને રોકવી જોઈએ

સાધક : મેં 'સી' (એક મહિલા સાધક)ને ચબરખીમાં લખી મોકલ્યું કે મારી સાથે આવીને ચર્ચા કરવા કરતાં તે પોતાનો પ્રશ્ન મને લખી મોકલશે તો પોતે તેનો જવાબ લખી તેમને મોકલશે. બન્નેએ વારંવાર મળવાથી લોકોમાં નકામી ગેરસમજ ફેલાશે એવું મને લાગેલું. પણ ચબરખી મોકલ્યા પછી તેને કદાચ ગુસ્સો કે અવસાદ આવવાના બીકથી મને ચિંતા થવા લાગી. શું મેં આ બરાબર કર્યું નથી?

શ્રી અરવિન્દ : ના, 'સી'ને ગુસ્સો કે અવસાદ આવે તે તેણે તે પચાવવો જોઈએ. તેની સાધનાની તે પરીક્ષા હશે. તેને જો સાધના બાબત જાણવાની તીવ્ર જીજ્ઞાસા હશે તો તેની આ પરીક્ષા પૂરવાર થશે.

### (૨) અપવાસથી ભ્રામક સાક્ષાત્કારોની શક્યતા

સાધક : મેં 'ટી' પાસેથી જાણ્યું કે : 'એસ' સાક્ષાત્કાર મેળવવા અપવાસ કરી રહી છે. અને ઘણાં દિવસ અપવાસ કરવાની છે. આથી તેની સાધનામાં તીવ્રતા જરૂર આવશે પણ ભૂખ - હડતાલ તેનાં (મહિલા સાધકના) શારીરિક-કોષોને

ઉશ્કેરશે અને તેમનો સંયુક્ત વિરોધ કદાચ સાક્ષાત્કારને જ રોકી રાખશે.

શ્રી અરવિન્દ : વધુ પડતા અપવાસ ચેતાતંત્રને ઉશ્કેરે છે અને ચેતાતંત્ર ઘણી વખત પોતે જ ભ્રામક સાક્ષાત્કારો રચી પોતે સમાધાન માની લે છે. ઘણી વખત આ ઉશ્કેરાટનો અદિવ્ય શક્તિઓ સાધકમાં પ્રવેશવા ઉપયોગ કરી લે છે.

### (૩) જ્યોતિષની ભવિષ્યવાણીઓ

સાધક : કીરોએ ૧૯૩૧માં વિશ્વયુદ્ધનું ભવિષ્ય ભાખેલું તેમ મને વિશ્વયુદ્ધની શક્યતા જણાય છે.

શ્રી અરવિન્દ : ૧૯૩૧માં ! પણ તે વર્ષ તો વીતી ગયું. દર વર્ષે આવી નવી-નવી ભવિષ્યવાણીઓ પ્રસિદ્ધ થાય છે. હવે ૧૯૩૬ના વિશ્વયુદ્ધનું છે. ૧૯૧૩ માટે પણ ભાખેલું, પણ વિશ્વયુદ્ધ એક વર્ષ પછી ૧૯૧૪માં શરૂ થયું.

### (૪) અન્યોને ઉપદેશ આપવાની ટેવ

સાધક : હવે મને નિરાંત થઈ. 'સી' (મહિલા સાધક) હવે મારી પાસે નહિ આવે. હું પોતાને ન બદલી શકું ત્યાં સુધી અન્યોને સુધારવાનો અને ઉપદેશ આપવાનો મારો ભાર ઓછો થયો ! બીજાઓને ઉપદેશ આપવાની અને શીખવવાની મહત્ત્વાકાંક્ષા બધાંમાં જ દેખાય છે. 'આર' અને 'એસ' જેવા સાધકોમાં પણ આવું જોવા મળે છે. અન્યોમાં તે ગુપ્ત કે પ્રગટ હોય તેમાં આશ્ચર્ય શું ?

શ્રી અરવિન્દ : આ વસ્તુ બધાંમાં જ જોવા મળે છે, પણ દરેકની પ્રકૃત્તિ અનુસાર તે વિવિધરૂપે પ્રગટ થતી હોય છે.

### (૫) અન્યોનું પ્રાણતત્વ શોષી લેનાર વ્યક્તિ

(અનુ. પૃ.૪૩ ઉપર)

## શ્રી અરવિન્દનાં વિચાર-સૂત્રો
- શ્રી માતાજી

# અનુભૂતિઓનાં આંશિક સત્યો (૯૬-૯૭)

પ્રકરણ - ૫૬
(માતૃવાણી ભા.-૧૦ - પૃ.૨૦૮-૨૦૯)

**સમજૂતી** - માનસિંહ ચાવડા

**(૧) ધર્મગ્રંથોનાં સત્યનો તારા આત્મામાં અનુભવ કર. પછી તને ઠીક લાગે તો પોતાની અનુભૂતિ ઉપર તર્ક-વિતર્ક કરજે અને બૌદ્ધિક રૂપમાં વ્યક્ત પણ કરજે. પરંતુ તેમ છતાં તું તારી અભિવ્યક્તિનાં તમારાં કથન ઉપર અવિશ્વાસ કરજે, તારી અનુભૂતિ ઉપર કદી નહિ. (૯૬)**

**(૨) જ્યારે તું તારી આત્મ અનુભૂતિ ઉપર ભાર મૂકે છે અને અન્ય વ્યક્તિની, જુદી રીતની આત્મ-અનુભૂતિનો અસ્વીકાર કરે છે, ત્યારે સમજી લેજે કે ભગવાન તને ઉલ્લુ બનાવી રહ્યાં છે. શું તને તારા આત્માનાં આવરણો પાછળથી એનું આત્માનંદપૂર્ણ અટ્ટહાસ્ય સંભળાતું નથી ? (૯૭)**

અનુભૂતિ સાચી જ હોય છે પણ તેનું બુદ્ધિએ આપેલું સ્પષ્ટીકરણ ખોટું હોવાની પૂરેપૂરી શક્યતા છે કારણ બુદ્ધિનાં અનુભવો મર્યાદિત હોય છે અને તે ભૂલ થાપ ખાઈ શકે છે. તેથી સ્પષ્ટીકરણ ખોટું હોઈ શકે છે પણ મૂળ અનુભૂતિ નહિ.

તેથી અન્યની અનુભૂતિઓ પણ તેમનાં આત્માનું જ સત્ય હોય છે. તે બાબતમાં શંકા લેવી ન જોઈએ. તે વ્યક્તિને તેની પ્રકૃત્તિને અનુકૂળ અને અનુરૂપ સત્યનો સાક્ષાત્કાર થઈ શકે છે અને તે આપણાં બધાંની પ્રકૃત્તિભેદને કારણે અલગ- અલગ લાગવાની શક્યતા છે. આવાં વ્યક્તિદીઠ બધાં જ સત્યો પ્રભુના

(અનુ. પૃ.૩૫ ઉપર)

# ચેતતાં નર સદા સુખી

પ્રકરણ - ૨૮

એક જંગલમાં એક હરણ રહેતું હતું. તે કૂણું ઘાંસ ખાઈ એક વૃક્ષ નીચે આવે અને જમીન પર ખરી પડેલાં પાકાં ફળ ખાય, પછી ત્યાં આરામ કરે.

શિકારીએ આ જોયું. તેણે વૃક્ષ ઉપર માંચડો બાંધી તીરકામઠું લઈ તેની ઉપર છૂપાઈ બેઠો.

હરણને ઘાંસ ખાતી વખતે માણસનાં પગલાં દેખાયા. તે વૃક્ષ તરફ જતાં હતાં. તેણે વૃક્ષ તરફ ધ્યાનથી જોયું. તેને શિકારીનો માંચડો દેખાયો. તે સમજી ગયું. હરણે યુક્તિ કરી, બોલ્યું :

''વૃક્ષ રાજ, રોજ તો હું આવતાં જ તમે પાકાં ફળોની મારા માટે વર્ષા કરો છો. આજે કેમ રીસાઈ ગયા ?''

શિકારીને લાગ્યું, ''જો હું ફળ તોડીને નીચે નહિ નાંખું તો હરણ ચાલ્યું જશે.'' તેણે ટપોટપ ફળો નીચે નાંખવા માંડ્યાં.

હરણે ભાગતાં - ભાગતાં કહ્યું, ''વૃક્ષરાજ, આજે મને બીજા વૃક્ષે આમંત્રણ આપેલું છે. પેલાં શિકારીને કહો આ ફળ ખાઈને પેટ ભરે.''

શિકારીએ ગુસ્સામાં ને ગુસ્સામાં તાકીને તીર છોડ્યું. પણ હરણ આઘે નીકળી ગયું હતું.

બિચારા શિકારીએ ખરેખર તે ફળ ખાઈને જ પેટ ભર્યું.

ચેતતાં નર સદા સુખી હોય છે.

## પ્રાસંગિક

– હર્ષદ ઠકરાર

# દિવ્ય - જીવન

આપણે સૌ આધ્યાત્મિક બનવા માટે સાધના કરીએ છીએ. આપણે ક્યારેય વિચાર્યું છે કે આપણે જે જીવન જીવીએ છીએ એ જીવન અપરા પ્રકૃત્તિ દ્વારા સંચાલિત જીવન છે કે પછી પરા પ્રકૃત્તિ દ્વારા સંચાલિત જીવન !

આધ્યાત્મિક જીવન પરા પ્રકૃત્તિ દ્વારા સંચાલિત થતું હોય છે. જ્યારે સામાન્ય જીવન અપરા પ્રૃકત્તિ દ્વારા સંચાલિત થતું હોય છે. આધ્યાત્મિક જીવન અને સામાન્ય જીવન વચ્ચે શું તફાવત છે તે સમજાવતા શ્રી અરવિન્દ કહે છે :

‘‘જીવન એ કાંઈ પ્રકૃત્તિનાં નિયમોનું જડ ચક્ર નથી, જેમાં માનવનો આત્મા થોડા સમય માટે કે યુગો માટે અટવાઈ ગયો છે. જીવન એટલે આત્માનો, ચેતન તત્ત્વનો સતત્ આવિર્ભાવ. જીવન કેવળ પોતાને ખાતર નહિ પરંતુ પ્રભુ માટે છે તથા માનવમાં રહેલો ચિન્મય આત્મા પરમાત્માનો અંશ છે.’’ – શ્રી અરવિન્દ

શ્રી અરવિન્દ સમજાવે છે તે મુજબ સામાન્ય માનવનું જીવન પ્રકૃત્તિનાં જ નિયમો દ્વારા જકડાયેલું જીવન હોય છે. ખરેખર તો જીવનનો અર્થ છે આત્મા દ્વારા સતત ચિન્મય તત્ત્વનો આવિર્ભાવ. જ્યારે જીવનમાં આ ચિન્મય તત્ત્વનો આવિર્ભાવ અનુભવાય છે ત્યારે તે જીવન આધ્યાત્મિક જીવન બને છે અને જ્યારે જીવનમાં ચિન્મય તત્ત્વનો સાક્ષાત્કાર થાય છે અને આ સાક્ષાત્કાર જ્યારે પ્રગટે છે, ત્યારે જીવન દિવ્ય જીવન બને છે.

સામાન્ય જીવનમાં આત્મા પ્રગટ થતો નથી. તેનું કારણ માનવ અપરા પ્રકૃત્તિમાં ત્રિગુણોથી જીવન જીવે છે. જ્યારે માનવ આ અપરા પ્રકૃતિનાં ત્રિગુણ સત્વ, રજસ અને તમસમાંથી દૂર થઈ પરા પ્રકૃત્તિમાં જીવન જીવે છે ત્યારે તે દિવ્ય જીવન જીવે છે.

દિવ્ય જીવનમાં માનવનો આત્મા માનવના મન, પ્રાણ અને શરીરનાં બંધનોમાંથી મુક્ત થઈ પરમ પ્રભુને અભિવ્યક્ત કરે છે. માનવ પ્રભુને અભિવ્યક્ત કરે છે કે નહીં તે આપણે કેવી રીતે અનુભવાય ?

જ્યારે માનવને પ્રશ્ન પૂછવામાં આવે છે કે તું કોણ છે ? ત્યારે સામાન્ય રીતે માનવ પોતાનું નામ અથવા પોતે જે વ્યવસાય કરતો હોય તે રીતે વેપારી, વકીલ, ડૉક્ટર, શિક્ષક વિગેરે જણાવે છે :

શ્રી માતાજીએ તેમની શબ્દ સુધા ભાગ-૨ માં જણાવ્યું છે તે મુજબ જ્યારે માનવ ''હું છદ્મ વેશમાં રહેલો પ્રભુ છું.'' એમ કહે ત્યારે અનુભવવું કે માનવ પોતાને સાચી રીતે ઓળખે છે.

માનવ પોતાની આ ઓળખાણ દ્વારા તે સ્વયં પોતાના માટે જીવન જીવતો નથી પરંતુ પરમ પ્રભુ માટે જીવન જીવે છે તે દર્શાવે છે.

માનવ જ્યારે પોતાનામાં છુપાયેલાં પ્રભુને પ્રગટ કરે છે ત્યારે માનવ શ્રી માતાજીએ ફેબ્રુઆરી ૧૯૭૧ની રિદ્ધિ-સિદ્ધિ માટે આપેલ સંદેશને સાર્થક કરે છે. આ સંદેશ છે.

"Life is meant for seeking the Divine.
Life is realise when finding the Divine."
- The Mother

''જીવન છે પ્રભુનેશોધવા માટે, જીવનની સિદ્ધિ બને છે પ્રભુ મળે છે ત્યારે.''
- શ્રી માતાજી

શ્રી માતાજી આપણને માનવ જીવનનાં હેતુ અને સિદ્ધિ બન્ને સમજાવે છે. માનવ જ્યારે પોતાનામાં છુપા વેશે રહેલાં પ્રભુને શોધે છે ત્યારે તે શોધ માનવના જીવનનો હેતુ બની રહે છે.

માનવ આ શોધ એટલે વિજ્ઞાનમાં આવતાં નવાં તત્ત્વો, નવાં સાધનો વિગેરેની Discovery નથી. પરંતુ આપણાં બાલપણમાં આપણે આપણાં મિત્રો સાથે કોઈ વસ્તુ, કોઈ આવરણ નીચે સંતાડીને શોધતા, તે પ્રમાણે આવરણ દૂર કરવાનું Uncovering છે.

માનવે પોતાનો આત્મા જે મન, પ્રાણ અને શરીરમાં ઢંકાયેલો છે તેની શોધ કરવાની છે. માનવ શોધ જ્યારે અપરા પ્રકૃત્તિને બદલે પરા પ્રકૃત્તિ દ્વારા જીવન જીવે છે ત્યારે કરી શકે છે.

માનવ છદ્મ વેશે પ્રભુ છે, પરંતુ પ્રગટ રૂપે શા માટે પ્રભુ નથી ? આ પ્રકારનો

પ્રશ્ન થાય જ. તો તેનો પ્રત્યુત્તર આપણને વેદમાંથી પ્રાપ્ત થાય છે. વેદ મુજબ પરમ પ્રભુએ સંકલ્પ કર્યો છે કે હું એક છું અને મારે અનંતરૂપે પ્રગટ થવું છે. એટલે કે ''એકો અહમ્ બહુ સ્યામ્.''

પરમ પ્રભુને અનંત સ્વરૂપે પ્રગટ થવું હતું એટલે તેણે આ જગતનું પોતાનાં મૂળ સ્વરૂપમાંથી સર્જન કર્યું. આ રીતે જગતનું પ્રાગટ્ય પ્રભુમાંથી થયું છે. એટલે આ જગતમાં જે કાંઈ જડ - ચેતન - અચેતન - સચેતન વિગેરે જે કાંઈ છે તે પરમ પ્રભુના જ અંશો છે. એટલે જ વેદ કહે છે, ''સર્વમ્ ખલુ ઈદમ્ બ્રહ્મ'' વેદના આ વાક્યના સમર્થનમાં સાવિત્રીમાં શ્રી અરવિન્દ જણાવે છે :

"The Master of existance lurks in us. And plays at hide - and - seek with his own force.

(Savitri : B-I : C-4 : 66) - Sri Aurobindo

શ્રી અરવિન્દ સમજાવે છે તે મુજબ પરમ પ્રભુ આપણી અંદર છુપાયેલા છે અને સંતાકૂકડીની રમત રમી રહ્યાં છે.

જ્યારે પ્રભુ છુપાયેલાં હોય છે ત્યારે જગત રૂપે અભિવ્યક્ત થાય છે અને આવરણમાંથી મુક્ત થાય છે ત્યારે પરમ પ્રભુ તરીકે અભિવ્યક્ત થાય છે.


પરમ પ્રભુ ક્યારે છદ્‌મ વેશને બદલે મૂળ સ્વરૂપે અનુભવાય, જ્યારે માનવ પોતાનાં પાર્થિવ જીવનનું દિવ્ય જીવનમાં રૂપાંતર સિદ્ધ કરે ત્યારે.

માનવનાં પાર્થિવ જીવનનું દિવ્ય જીવનમાં રૂપાંતર એ જ છે શ્રી અરવિન્દનો પૂર્ણયોગ. માનવે પાર્થિવ જીવનને દિવ્ય જીવનમાં રૂપાંતર કરવા માટે કયા કયા પુરૂષાર્થ કરવાનાં છે ? શ્રી અરવિન્દે 'મા' પુસ્તકમાં સમજાવ્યાં મુજબનાં ત્રણ પુરૂષાર્થ અભિપ્સા, સમર્પણ અને પરિત્યાગ સંપૂર્ણ પણે માનવે આચરણમાં મૂકવાના છે.

માનવનાં આ પુરૂષાર્થનાં પ્રત્યુત્તરમાં શ્રી અરવિન્દ સમજાવે છે તે મુજબ પરમ પ્રભુની કૃપાનું અવતરણ થાય છે. આમ માનવનાં પુરૂષાર્થ અને મા ભગવતીની કૃપાનાં મિલન દ્વારા માનવના પાર્થિવ જીવનનું દિવ્ય જીવનમાં રૂપાંતર થાય છે.

આપણે સૌ આપણાં પાર્થિવ જીવનનું દિવ્ય જીવનમાં રૂપાંતર સિદ્ધ કરીએ એવી કરુણામયી માને પ્રાર્થના.

ૐ શાંતિ..... શાંતિ..... શાંતિ....



# શ્રી અરવિંદ

All seeing eagle-peaks of silent Power,
And moon-flame oceans of swift fathomless Bliss,
And calm immensities of spirit Space.

The Secret Knowledge - Savitri 1-4-47

## વિશાળ - સોમનો અનુભવ

અચલ - શક્તિ ઊર્ધ્વ શિખરે, મસ્તક ઉપર સદાય,
ગરુડ પેઠે નિરખતી, એ વિકાસ ક્ષણની વાટ,
નીચે શરીરમાં ઘુઘવતો, મન-શાંતિનો ચાંદની સાગર,
જે અલ્પ આવિર્ભાવ અમર આનંદનો, જે અખૂટ પણ ભર્યો ઘાઘર,
શુદ્ધ ચિદાકાશની અસીમતા, અને જાણે ભવ્ય-અચલ શાંતિનું ઘર.

ગૂઢજ્ઞાન - સાવિત્રી - બુ.૧, કેન્ટો-૪, પૃ.૪૭

Registration of News Paper No. GUJGUJ/2013/48361 Postal Reg. No. RAJKOT-303/2015-2017
Price : Rs. 15/- Annaul Subscription : Rs. 150/- 1st of Every Month at Rajkot RMS - Langauge : GUJARATI

# કીર્તનમ્



પ્રાણમય પુરુષ ભાવવિભોર બને, કીર્તનના સથવારે,
પાર્થિવ પુરુષ પણ સાથપૂરે, નર્તન ગાનના આધારે.

શિવપાર્વતિનું યુગુલ લાસ્યનૃત્ય, કે કથ્થકનાં દૃષ્ટાંત,
પુરુષ - પ્રકૃતિનો સંવાદ રચે, એવી પરંપરા છે અપાર.

તેમાં ભક્તિભાવના પૂર વહે, અંતકરણ, નયન છલકાય,
રોમાંચો પણ આવતા, ચૈત્યપુરુષ તેમાં પોષાય.

ભાવથી આગળ આવતો, ને પ્રકૃતિને ઘડતો અપાર,
પ્રભુનું કરણ બનાવવી, એ ચૈત્પુરુષનો નિર્ધાર.

પ્રકૃતિ-પાત્રાને વિશાળ કરો, છલકાવું નાનપરૂપ,
સમુદ્રવત્ ગહન ગંભીર કરો, તો ભજન કીર્તન પણ સાધન-રૂપ.

ન આડંબર ભક્તિ તણો, ન અહંકારનો હૂંકાર,
સહજ પરા-ભક્તિ રૂપ બનો, તો પ્રભુરૂપ બને સંસાર.

**ઈન્ટરનેટ ઉપર રાજકોટ કેન્દ્રનાં પ્રકાશનો**

**સહજ સત્સંગ માસિક**
www.motherandsriaurobindo.org>E-Library>Magazines>SahajSatsang(Gujarati)
www.aurogujarat.com>Journals & Ebooks>Sahaj Satsang

**પુસ્તકો**
www.motherandsriaurobindo.org>centers>India>Gujarat>Rajkot

E-mail ID : sahajsatsang@gmail.com

સહજ સત્સંગ (માસિક) તંત્રી : માનસિંહ કે. ચાવડા, પ્રકાશક : કમલેશ સી. માંડવીયા, મુદ્રક : લલિત એચ. ઉપાધ્યાય, માલિક : મા શ્રી અરવિન્દ સાધના ટ્રસ્ટ, પ્રકાશન સ્થાન : સહજ સત્સંગ કાર્યાલય, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫ ગુજરાત, મુદ્રણ સ્થાન : લા મેર પ્રિન્ટરી, ''અર્પણ'' ૨૫૯, વૃંદાવન, ન્યારી ફિલ્ટર પ્લાન્ટ સામે, કાલાવાડ રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૫. ગુજરાત